જૈન ધર્મની અહિંસા. Reg No B. 3220.




તંત્રી: ચંદ્રકાન્ત વી. સુતરીયા.

સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | વર્ષ ૧ લું અંક ૧૩ મો રવીવાર તા. ૧-૭-૩૪

# પરાણે પૂજા?

"મહારાજ સાહેબ! આ ધોળી ટોપીવાળા ભાઈ આવે છે ને તે બહુ સારી સેવા કરી રહ્યા છે." પગચંપી કરતાં એક શેઠીયે ઉચ્ચાર્યું.

"વારૂ"

"મહારાજ સાહેબ પધાર્યા એ અત્યારેજ ખબર પડી" બે હાથ જોડી નમન કરતા અને નીચે બેસતા એક યુવકે રહોડ કર્યો.

બે મિનિટ સુમસામ શાન્તિ જળાઈ, માત્ર પગચંપીનો સંચાર ચાલુ હતો.

"કેમ ભાઇ! હંમેશ રોજ સેવા-પૂજા તો કરો છો ને?" મહારાજે પ્રશ્ન કર્યો.

"નાજી, સાહેબ એ તો કાંઇ બનતું નથી." પેલા યુવકે કહ્યું.

"કેમ ના બને? બીજી અનેક સેવા કરો છો અને ધર્મની વાત આવે ત્યાં બનતું નથી."

"ખરૂં, પણ એ સંબંધની ચર્ચા તો કદાચ સવારે કરીશું, પૂજામાં કાંઇ સર્વસ્વ આવી ગયું?"

"આપણે શ્રાવક છીએ, તો પૂજા કરવી એ આવશ્યક છે."

"પણ સાહેબ, કંઇ ભાવના થવી જોઇએ. પરાણે પૂજા થાય તેનો અર્થ શું?"

"હા, હા, પરાણેજ હોય, હું તો એમ કહું છું કે અત્યારના યુવાનોને બાંધીને પૂજા કરતા શિખડાવવું જોઇએ."

"હવે એ બાબતો આપણે પરસપરસ એક બીજાને જાણ્યા વિના ચર્ચવી તે કરતાં સવારે નિરાંતે ચર્ચીશું એ ઠીક નથી?"

"અમારે સવાર શું ને અત્યાર શું? જેટલું શાસ્ત્રે કહ્યું તે તમો સાંભળો કે ના સાંભળો. અમારે તો એજ કહેવાનું ને? સવારે પણ એજ કહેવાનું છે."

પેલા યુવક ઉઠીને ચાલતા થયા.

"મહારાજ સાહેબ! આપ જરા ઉતાવળા થયા. આપે જરા ધીરજ ધરી હોત તો બે કામ થઈ શકત." પેલા પગચંપી કરતા શ્રાવકે કહ્યું.

"અમારે ક્યાં કોઇની પરવા છે? અમારા બે વેણ સાંભળે તો તે તેના ભલા માટે છે." મહારાજશ્રીએ ઉચ્ચાર્યું.

"પણ એ જરા આગળ પડતો ભાગ લે છે, વળી ગાંધીજીની નવા જુની કહેત."

"હં, ત્યારેજ તો ત્રિકાળ વંદના પણ ભુલી ગયો છે! આ ગાંધીવાળાએ લોકોને પાયમાલ કીધા. જ્યાં તેનો ડંકો ખરો. ત્યારે દિક્ષા કાં નથી લઈ લેતા? મને તો બધા સફેદ ઠગારા લાગે છે."

"હોય! પાંચે આંગળી થોડી સરખી હોય છે, પણ આ માણસ તો બહુ ડહાપણ છે હો?"

"તો તેના આત્માનું કલ્યાણ થશે. પણ ધર્મની બાબતમાં તે લોકોએ એવી ઉંડતી કરી છે કે હવે લાંબુ ચાલવાનું નથી. એમણે ધરમમાં હાથ નહોતો ઘાલવો. જુઓને ગાંધી હવે મંદિરની વાત લઈ બેઠા છે. કોના બાપના મંદિર અને કોની વાત?"

"જુઓને આ શ્રાવકના જુવાનીયા કોઇ દેવ દર્શન નથી કરતા! તે કોઇકને ઉભા કરવાજ પડશેને? દેવને કાંઇ થોડા અપૂજ રખાશે?" શેઠે જરા રમુજ વધારી.

આટલામાં પાઠશાળાનો એક બાળક આવીને બેસે છે.

'કેમ ચંપક, પાઠશાળા પૂરી થઇ?' શ્રાવકે સવાલ કર્યો.

'ના, બાપા!'

'તો પછી અહિં કેમ આવ્યો?'

'પાઠશાળે નથી ગમતું, તે અહિં આવ્યો.'

'કેમ નથી ગમતું?'

'માસ્તરનું મોઢુંજ નથી ગમતું, બીજું શું?'

'પણ તારે મોઢાનું કામ છે કે ભણવાનું?' મહારાજશ્રીએ પ્રશ્ન કર્યો.

'માસ્તર બીચારો આખો દિ' કામ કરીને થાકી પાકીને આવે, અને પછી સુઈ ઘડીમાં નિંદાય. વળી વાળુ કર્યા વિના ભુખ્યો આવે એટલે બીજું શું થાય?'

'કેમ રાત્રે ભોજન કરે છે?' મહારાજશ્રીએ પ્રશ્ન કર્યો.

'આથમ્યું છે, મહારાજ! અને કુંગળીના શાક વિના જમતો પણ નથી. એ તો જેવો એનો વહેવાર.'

'અરે! પણ તમે તેમને કેમ રાખો છો?'

'શું કરીએ, અમારો એ વ્યવહાર થયો.'

'દ્રષ્ટા'

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિમાન મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )


# —: તરૂણ જૈન :—

રવીવાર તા૦ ૧-૭-૩૪


## જૈન ધર્મની અહિંસા

ભારતવર્ષમાં વિશ્વબંધુત્વનું દિવ્ય સંગીત સંભળાવવામાં જૈન ધર્મનું સૌથી પહેલું સ્થાન છે, હેણે અહિંસાનો જગતને સંદેશ આપી વૈર વિરોધ નષ્ટ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે, એટલુંજ નહિ પરંતુ ભારત જ્યારે હતવીર્ય થઇ યજ્ઞ યાગાદિમાંજ કર્તવ્ય માનતો હતો, વેદોના શ્રવણ માત્રથીજ પોતાની મુક્તિ સમજતો હતો. સ્ત્રીઓની સ્વાધીનતાની સ્વચ્છંદપણે લુંટ ચલાવી રહ્યો હતો, અને મૂઢીવાદરૂપ ભીષણ દૈત્યના વિકરાળ પંજામાં પોતાની સલામતિ વાંચ્છતો હતો, ત્યારે જૈન ધર્મના છેલ્લા પયગંબર પ્રભુ મહાવીરે હેની સામે રણભેરી બજાવી ભારતમાં સત્યમાર્ગની ઉષા પ્રગટાવી હતી, માર્ગ ભૂલા પંથીઓને સન્માર્ગે ચઢાવ્યા હતા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને ત્યાગના મહામૂલા આદર્શો જનતા સમક્ષ ધરી હિંસા અને જૂઠ, ચોરી અને વ્યભિચાર, તેમજ જરૂર ઉપરાંતના સંચય સામે જેહાદ જગાડી હતી; પણ જે હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે તે હિંસા સમજવા જેવી છે. જગતમાં કહેવત છે કે ' બળીયાના બે ભાગ ' સબળો નિર્બળોને દબાવે છે, હેના હકોની લુંટ ચલાવે છે, હેને હિંસા કહી છે; નહિ કે કોઇ તમારો અપરાધી હોય, તમારો ગુન્હો કર્યો હોય અને તમે હેની સામે કંઇપણ પગલાં લો એ.

જૈન સમાજે અનેક લડવૈયાઓ ઉત્પન્ન કર્યા છે, ખુદ હેના મનાતા પયગંબરોએ સેંકડો માનવ રક્તની સરિતાઓ વહાવી છે, અનેક રાજમુગુટને ધૂળચાટતા કર્યા છે, એટલુંજ નહિં, પરંતુ જહેનાં નામો ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરોએ કોતરાઇ રહેલાં છે, જેમની કીર્તિની યશગાથા આજે પણ આબુ દેલવાડાના મંદિરો ગાઇ રહ્યા છે, તે વસ્તુપાળ તેજપાળ, વિમળમંત્રી, આમ્રભટ અને ઉદયન વગેરેની તલ્વારોના ખણખણાટો ગુજરાતને કાને ક્યાં નથી પડયા, જૈન સમાજમાં અને સમસ્ત ગુજરાતમાં એ મહારથી ગણાતા, અનેક ઠકુરાતોને હેમણે તલ્વારના બળે ગુર્જરેશ્વરને ચરણે લોટાવી છે, અનેક માનવોનો સંહાર કર્યો છે; છતાં પરમ જૈન ધર્મી મનાયા છે; અહિંસાની વ્યાખ્યા આટલી સ્પષ્ટ હોવા છતાં, જૈન ધર્મની અહિંસાએ બાયલાંગલા બનાવ્યા છે, ભિરૂ અને નિર્વીર્ય બનાવી છે, પ્રતિકાર કરવાની શક્તિ છીનવી લીધી છે. એ જાતનું માનસ હજુપણ પ્રવર્તે છે એ નર્યું જૈન ધર્મ સંબંધી ગેરસમજનું પરિણામ છે.

એ ગેરસમજને અંગે અનેક લેખકોએ જૈન ધર્મ ઉપર પ્રહારો કર્યા છે, હેની અહિંસાની જેટલી નિંદા થઇ શકે તેટલી કરી છે અને કર્યે જાય છે, ધાર્મિક અને કોમી પેપરો કરે એતો સમજી શકાય હેવું છે પણ જ્યારે 'ફુલછાબ' જેવા રાષ્ટ્રીય અને પ્રાતબાર પેપરમાં તેના લેખક મંડળ તરફથી તેવી જાતનો પ્રયાસ સેવાય એ તો ન માફ કરી શકાય હેવો ગુન્હો મનાવો જોઇએ.

તા. ૧૬-૬-૩૪ ના ફુલછાબના અંકના ૬૫૭ મા પેજ ઉપર 'ગુજરાતનો વ્યાયામ વિકાસ' એ નામનો એક લેખ છપાયો છે, હેની પાંચમી કોલમમાં કોઇ બોર્ડીંગના ગૃહપતિનું ઉદાહરણ આપી લેખકે જૈન ધર્મ સંબંધી જાણ્યે અજાણ્યે ખૂબ ગેરસમજ ફેલાય એ જાતનું લખ્યું છે. તે કહે છે કે " જૈન ધર્મની સાથે અનેક માઠી અસરો ગુજરાતના વીરજીવન—ગુજરાતના યૌવન ઉપર ઉતરી છે. નામર્દાઇ, નમાલાપણું, સાતવાર નીવીની અપ્રતિકારવૃત્તિ, હતોત્સાહ. અને ઉદાસીનતા એના ફળમાં " ગુર્જર ઇતિહાસના પાને પાને જે ધર્મને માનનારા જવાંમર્દોના ખાંડાના ખેલ આલેખાયાં છે, જહેની વીરતાની ધવલ કીર્તિનાં યશોગાન ગવાયાં છે, એ ધર્મ ઉપર પ્રહાર કરનાર લેખક ગુર્જર ઇતિહાસથી બીનવાકેફ હોવો જોઇએ અથવા જૈન ધર્મ પ્રતિ હેને ઉંડો ઉંડો રોષ હોવો જોઇએ. જૈન ધર્મની અહિંસાએ અનેક નામર્દોને મર્દ બનાવ્યા છે, અનેક બાયલાઓમાં પ્રાણ પૂર્યા છે, અને રૂંધાતા માનવોના મનુષ્યત્વનું રક્ષણ કર્યું છે અને જગતના તમામ પ્રાણીઓને નિર્ભયતાના પાઠો પઢાવ્યા છે, એ અહિંસાની શક્તિના અખતરા આજે પણ થઇ રહ્યા છે, આજના યુગના વંદ્ય પુરૂષ મહાત્માજી જેવા પુરૂષોત્તમો પણ જે અહિંસાને પ્રધાનપદ આપી રાષ્ટ્રીય લડતના મૂળમાં સીંચી છે; એ અહિંસાના ઉત્પાદક ઉપર ટીકા કરવામાં આવે એ તો બાલિશતાજ જણાય છે. જ્યારે સમસ્ત જગત્ માનવભક્ષી બની રહ્યું છે, એકના ભોગે બીજાને તાગડધીન્ના કરવા માટે માનવ સંહારનો ભીષણ દાવાનળ સળગી રહ્યો છે, માનવીની મહત્વાકાંક્ષાઓ માનવ રક્તની સરિતા વહાવવા માટે નિરંકુશ કટિબધ્ધ થઇ રહી છે, ત્યારે જગતનું રક્ષણ તાત્વિક દ્રષ્ટિએ તપાસવામાં આવે તો માત્ર અહિંસાની ભાવનાજ કરી શકે; જેટલી અહિંસા વ્યાપક થશે તેટલી નિર્ભયતા પ્રગટશે અને એ નિર્ભયતા પ્રચંડ અને અણુનમ હથિયારથી માનવી પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકશે. જૈન ધર્મની અહિંસાનો એ બોધપાઠ છે. જગત્ જેટલું હેને વ્હેલું અનુસરશે તેટલું એ નિર્ભય બનશે, અને માનવી માનવી પ્રત્યેના વિખવાદો દૂર થઇ સાચા વિકાસને પંથે પડશે.

## સ્વીકાર અને સમાલોચના.

આબુ-ભાગ પહેલો લેખક શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજીમહારાજ. પ્રકાશક શ્રીવિજયધર્મસૂરિજી જૈન ગ્રંથમાળા છોટા શરાફા ઉજ્જૈન (માળવા) મૂલ્ય ૨-૮-૦ અઢી રૂપીઆ

આબુ એ જૈન સમાજમાંજ નહિ પરંતુ સમસ્ત હિન્દુ સમાજમાં યાત્રાનું તેમજ હવાખાવાનું સ્થળ મનાય છે. અનેક પ્રવાસીઓ ત્યાં જાય છે, અને જગત ભરમાં શીલ્પકળામાં અજોડ એવા દેલવાડાના મંદિરોના દર્શન કરી ઘડીભર આશ્ચર્ય મુગ્ધ બનીજાય છે. આ બધાં મંદિરો ઉપરાંત ત્યાંના ઇતિહાસની જનતાને ખૂબ આવશ્યકતા હતી અને એ આવશ્યકતાને આબુગ્રંથે પૂરીપાડી છે, આમાં પ્રત્યેક દર્શનીય સ્થળો વિગેરેના ૭૫ ફોટાઓ આપવામાં આવ્યા છે અને દેલવાડા, રોઆ, અચલગઢ, આબુ, આબુરોડ, આબુ કેમ્પ અણાદરા, વગેરે સ્થાનોનું બહુ અચ્છીરીતે વર્ણન આપવામાં આવ્યું છે, સાથે મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીનો ઉપોદ્ઘાત પણ આબુ માટે ખૂબ પ્રકાશ પાડે છે આમ દરેક રીતે આ પુસ્તક ખુબ ઉપયોગી છે.

મુનિશ્રીએ આ ગ્રંથદ્વારા ઇતિહાસપ્રેમીઓને ખૂબ સામગ્રી પૂરી પાડી છે, એ બદલ તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે. અમે આ પુસ્તક દરેકને સંગ્રહવાની ભલામણ કરીએ છીએ.

**આર્હંત જીવન જ્યોતિ**—સચિત્ર કિરણાવલી પ્હેલી. પ્રયોજક અને સંપાદક પ્રો. હીરાલાલ રસીકલાલ કાપડીઆ-એમ-એ, પ્રકાશક જીવણલાલ-પનાલાલ, નિઝામ બીલ્ડીંગ, કાલબાદેવીરોડ, મુંબઇ નં. ૨ કિંમત ૦-૫-૦ પાંચ આના. કાચી વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે ન જતાં ત્રિકાલાબાધિત વીતરાગમાર્ગે સંચરે એવાં ઉદ્દેશથી આ પાઠ્ય પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. બાળકો માટેનાં પાઠ્ય પુસ્તકની કિંમત પાંચઆના વધારે પડતી જણાય છે.

મૃત્યુ કે ખુન:—

પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી જેઠ સુદી ૧ ના રોજ સવારના ખેડાથી વિહાર કરી માતર જાય છે. ત્રણ સાધુઓ પાછળ રહે છે. તેઓ સાંજના પાંચથી સાડાપાંચ વાગે વિહાર શરૂ કરે છે. શેઢીના પુલ સુધી ત્રણે સાથે હોય છે, પછી બે મુનિ સાંજના માતર પહોંચી જાયછે, સાથેના ત્રીજા મુનિ નિપુણવિજયજીનો મૃતદેહ ચારદિવસ પછી સાખાડાના મુખીને ખબર પડતાં માતરના ફોજદારને ખબર આપવામાં આવે છે, અને માતરે નજીક જંગલમાં રસ્તાથી દૂર પડીઆવુ જમીનમાંથી મળી આવેછે; લાશના હાથ પગના અવયવો જંગલી જાનવરોએ ફાડીખાધાં હતાં મૃત દેહમાં કીડાખદબદતાં હતાં. તેમના અંગપર કંદોરો, આચારંગજી, પુસ્તક, પાતરાં વિગેરે હતાં, પાણીનો ઘડો બાજુમાં જેમનો તેમ પડ્યો હતો. આ સમાચાર ખૂબ વિચારણા માગે છે. ચારે બાજુ કોઇ ગામ નથી. તેવા જંગ

સમાંથી છૂટા પડવું, સાંજે કે રાત્રે પણ તપાસ કરવાનો પ્રયત્ન ન કરવો બીજા દિવસે સવારે તેમનું પોટકુંવાદ આવે છે અને શ્રાવકોને સોંપાય છે, પણ તપાસ કરવાની જરાયે સૂચના અપાતી નથી. એટલુંજ નહિ પરંતુ તરતજ વિહાર કરી પંન્યાસજી ને બંન્ને સાધુઓમળી જાય છે અને તેમનો વિહાર આગળ થાય છે. તે સાધુના અનેક સંબંધીઓના પત્રોના સંબંધમાં મૌન સેવાય છે, અમદાવાદ તેમજ બીજા સોસાયટી ભક્તોની દોડધામ, તેમજ વીરશાસનનું બચાવનામું, આ બધાની પાછળ ખુબ આશંકાને સ્થાન છે, આ કેવળ નિપુણવિજયજીનોજ પ્રશ્ન નથી; અનેક રીતે નસાડી ભગાડી દીક્ષા આપતા કેટલાક કહેવાતા મુનિઓ આ રીતે શિષ્યોને રસ્તામાં રઝળતા મૂકે, તેની સાર સંભાળ ન લે, મૃત્યુ પામવા છતાં તેનો ભાવ પણ ન પુછાય એ સ્થિતિ અસહ્ય છે. જૈન સમાજ માટે આ ભારે કલંકની વાત છે. આ રીતે તો અનેક નિપુણવિજયોની લાશો જંગલમાં રઝળશે. સમાજના આગેવાનોએ તેમજ સ્થાનિ પોલીસે આ બાબતની પૂરતી તપાસ કરવી ઘટે છે. અમને આશા છે કે આ બાબતમાં લાગતા વળગતાઓ સાચી બીના બહાર પાડશે, અને બીજી વખત એવું ન બને તે માટેના જરૂરી પગલાં લેશે.

મુંબઇ—અત્રે જેઠ સુદિ તેરસનાદિને આચાર્યશ્રીવિજયેન્દ્રસૂરિજી મહારાજ, ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ આદિ ઠાણું ૬. તેમજ આચાર્ય શ્રી વિજયનીતિ સૂરિજી તેમજ આચાર્ય શ્રી હર્ષસૂરિજી મહારાજ આદિ ઠા ૧૫ નો પ્રવેશ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરિજી આદિ ઝવેરીબજારમાં જ્યારે મહાવિર પ્રભુના મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે આચાર્ય શ્રી નીતિ સુરિજી મહારાજ આદિનું સામૈયુ ત્યાં આવી પહોંચ્યું હતું, અહિંથી, બંન્નેઆચાર્યો સાથે ચાલ્યા હતા, એ અરસામાં કેટલાક સોસાયટી આગેવાનો ગચ્છંતિ કરી ગયા હતા, આ બાબતમાં ખૂબ ચકચાર પેદા થઇ હતી, સમસ્ત સાધુ સમાજને પુજવાના બહાના હેઠળ કુંકનારની મનોદશા આથી ખુલ્લી પડી ગઇ હતી.

### શ્રી કલ્યાણચંદ નવલચંદ ઝવેરી જૈન પ્રાઇઝ ઇનામ રૂા. ૧૨૫)

મુંબઇ યુનિવર્સીટીની મેટ્રીક્યુલેશનની પરિક્ષામાં જે જૈન વિદ્યાર્થીએ સૌથી વધારે માર્કસ મેળવ્યા હોય અને જે આગળ અભ્યાસ ચાલુ રાખવાનો હોય તેને ઉપલું ઇનામ આપવામાં આવશે.

ઉમેદવારોએ પોતાના માર્કસ, સીટ નંબર અને બીજી વિગત સાથે નીચેના સરનામે તા. ૩૧-૭-૧૯૩૪ સુધીમાં અરજીઓ મોકલી આપવી.

૧૩૪, બારાકુવા<br>મુંબઇ-૨

હીરાચંદ દુલચંદ ઝવેરી<br>સેક્રેટરી<br>ધી-ક-ન-ઝવેરી જૈન પ્રાઇઝ

**શ્રી જૈન મહામંડળની જનરલ સભા** તા. ૨૨-૭-૩૪ ના રોજ અમદાવાદ ખાતે અમદાવાદ શ્રી જૈન યુવક સંઘના આમંત્રણને માન આપી ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહામંડળમાં જોડાયેલી સંસ્થાઓને બંધારણની કલમ ૮ મુજબ પોતાના પ્રતિનીધીઓને ચૂંટી તેમના નામો મુંબઇ શ્રી જૈન યુવક મહામંડળને તેમજ અમદાવાદ શ્રી જૈન યુવક સંઘ ઠે. રતનપોળ નગરશેઠની માર્કીટમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવેછે.

લી. સેવક,<br>જમનાદાસ અમરચંદ ગાંધી.<br>મણીલાલ એમ શાહ,<br>મંત્રીઓ

# ધર્મનું શુદ્ધિકરણ.

લેખાંક પાંચમો.

પ્રમાણિક રોટલો નથી રળાતો, એટલેજ આજે વિશાળ જનતાની આ વિષમ સ્થિતિ છે. સરકારો અને દરબારોએજ માત્ર આપણા સમાજને ભિખારી નથી બનાવ્યા; પણ સાધુ અને આચાર્યો પણ આપણી આ કંગાલીયત અને ભિરુતા માટે ખુબ જવાબદાર છે. રાજ્ય—ધર્મ પ્રત્યે આંગળી ચીંધી ચીંધીને, સમાજને ભિરુતા અને પામરતામાં ઘસડી લઇ જવામાં સાધુ વર્ગનો ફાળો મોટો છે. આજે નહિ તો કાલે આ ઉજળા વર્ગે પોતે આત્મ નિરિક્ષણ કરી પોતાના દોષો ધોઇ કાઢવા માટે પ્રાયશ્ચિત કરવું પડશે.

વળી સાધુ અને શિક્ષક સમુદાય તો એટલે સુધી કહે છે કે 'અમે તો સંસારી વર્ગ અને સંઘ સમસ્તના કલ્યાણને અર્થે માથા મુંડાવ્યા છે અથવા સેવા આદરી છે.' આ વસ્તુ જો સાચેજ, ખરા હૃદયની જીભદ્વારા ઉચ્ચારાતી હોય તો આવકારદાયી છે. જેમ સામાન્ય જનગણે ધર્મ અને ધર્માચાર્યોને વફાદાર તેમજ અનુકૂળ થવું જોઇએ તેમજ ધર્માચાર્યોએ તો જનસમાજની વ્યક્તિ માત્ર પ્રત્યે જવાબદાર રહેવું જોઇએ, અને જો તેમણે સ્વેચ્છાપૂર્વક ગરીબી અને ફકીરી ધારણ કરી હોય તો તેમણે સમાજના સુખ દુઃખના સહભાગી થવું જોઇએ. સમાજના દરેક કાર્યને માટે સાધુ, આચાર્યો અને વિધાનોજ સૌથી વધુ જવાબદાર ગણી શકાય.

અલબત શિક્ષક અને વિધાનો જેઓ રીતસર વેતન લઇને વિધા, સંપત્તિ, કળા અને શિક્ષણ આપે છે, તે અમુક અંશે પ્રમાણિક છે. કારણકે તેમનો હેતુ માત્ર પારમાર્થિક નથી, પણ આચાર્યો અને સાધુ મુનિવરો તો સમાજના અધિષ્ઠાતા થઇને ફરવાનું પસંદ કરે છે. પોતાની નબળાઇને બદલે ત્યાં ધર્મનું બ્હાનું બતાવી સમાજના દોષો અને કર્મો ઉપર જવાબદારી નાખે છે અને ત્યાગી વર્ગે વ્યવહારિક વાતોમાં માથુ મારવાનો અધિકાર નથી એવી વાક્પટુતા ઉચ્ચારે છે, અહીં સાધુતા બેવડો ગુન્હો કરે છે.

સાધુ કે ત્યાગી વર્ગે, અલબત્ત સંસારમાં લુપ્ત નથી થવાનું પરંતુ સંસારીજનોના અને જનસમાજના દરેક કાર્યો વિષે પુરી માહિતી મેળવી, લૌકિક કોઇપણ સુખોથી પોતે નિર્લેપ રહી સમાજને માર્ગ દર્શક થવાનો તેમનો સ્પષ્ટ ધર્મ સમજે. જો તેઓએ સંઘ સમસ્તના કલ્યાણ અર્થે મુંડાવ્યું હોય તો પછી તેમણે સંઘ સમસ્ત માટે પ્રસંગ પડયે ફના થઇ જવાની તૈયારી બતાવવી જાઇએ; અને જો સાધુ કે ત્યાગી વર્ગે વ્યવહારની વાતોમાં તટસ્થજ રહેવાનું છે, તો તેમણે દેવદ્રવ્ય જેવી શ્રાવક વર્ગની બાબતમાં પણ શા માટે માથું મારવું જોઇએ કે ચર્ચા કરવી જોઇએ ? દેવને અને આપને કંઇ સંબંધ હોય તો હરિજનોની પેઠે દુરથી ભાવના ભાવવાનો, દેવના ઉપર કેવા મુગટ ચડાવવા, કેવી રચના કરવી, અને પૈસા કઇ રીતે મેળવવા એ બધામાં તેઓને પડવાનો કશોય અધિકાર નથી રહેતો.

આજે નહીં તો કાલે સમાજવાદ અને સામ્યવાદ સ્થાપિત થશે; અને રશીયામાં જેમ મિલકતોની માલેકી વ્યક્તિગત રાખવાને બદલે પ્રજાસત્તાક સરકારને સ્વાધિન થઇ તેમ શ્રાવક વર્ગનો વિચાર થશે કે વ્યક્તિગત દરેકના ઉપર જવાબદારી નાખવા માટે, મંદિરોની રક્ષા કરવા માટે અને મૂર્તિઓની સ્થિતિ જાળવી રાખવા માટે દરેક જૈને મૂર્તિની વ્હેંચણી કરી લેવી જોઇશે, અને તો મૂર્તિપૂજક તરીકે આશરે દસેક લાખની વસ્તીને માથા દીઠ આશરે દશ પ્રતિમાઓ આવે, અને જેનો સમાસ ક્યાં અને કેમ કરવો એ શ્રાવક વર્ગના અધિકારની વાત છે; કારણકે મંદિરો, શ્રાવક સમાજના દ્રવ્યમાંથીજ સ્થાપિત થયાં છે અને એ મંદિરોનો ઉપયોગ સમાજ હિતાર્થે ફેરવાવી શકે છે, અને મૂર્તિઓને પોતાના ગૃહમંદિરમાં સ્થાપી તેનું યોગ્ય રક્ષણ અને જતન કરી શકવાને મુખત્યાર છે.

કદાચ કોઇ મુનિ દલીલ કરશે કે મંદિરોની જગ્યામાં તમો ગમે તેમ કુકર્મ કરો અને ભગવાનની ગમે તેમ આશાતના કરો તે અમારાથી કેમ જોઇ શકાય ?

જો આમ અને આવી વેદના આપને થતી હોય તો તો આજેજ પાટેથી જરા નિચે ઉતરો, આજે તિર્થો અને મંદિરોમાં શું ચાલી રહ્યું છે ? એક યા બીજા સ્વરૂપે તિર્થ અને મંદિરની આશાતના થઇ રહી છે. ધર્મ અને ધર્માચારની અવહેલના થઇ રહી છે, શાસ્ત્ર અને શાસ્ત્રાધારની આણ તુટી રહી છે, પ્રભુ અને તેના પૂજારીઓ હૈયાત છતાં તેને માનનારાઓ ધર્મ અને અર્થથી નિચોવાઇ રહ્યા છે.

શાસ્ત્રની દલીલ કરનારાઓ આપ, આ પ્રત્યક્ષ શું નિહાળી રહ્યા છો ? નવી પ્રજાનો મોટો ભાગ શા માટે આપને દુર દુરથી નમસ્કાર કરી રહ્યો છે ? આપની આસપાસ કયા પ્રકારની દુર્ગંધ પ્રસરી રહી છે. જરા વિચાર કરો. આ બધા નિસ્તેજ થયેલાને પોતાના કરવા માટે કંઇક આત્મ—સમર્પણ કરવું પડશે.

લાલચંદ જયચંદ વોરા.

# નારી જીવનનાં જીવતાં દોઝખ

(૧)

## લાજની હીચકારી પ્રથા.

ડાહ્યાભાઈ વી. મ્હેતા

**પુરૂષ જાતનું મહા કલંક**

અબળાઓને આટલી કારમી શિક્ષા શાને? શું નારીના કોઈ મહા પાપે પુરૂષજાતે સ્ત્રીઓને આવાં જીવતાં નર્કોમાં ધકેલી દીધી હશે? કે પુરૂષ જાતની નફ્ફટ નામર્દાઈની કાળી ટીલી છુપાવવા આ જીવતી જાગતી અંધારી દિવાલોનાં અસ્તર કર્યાં હશે? નારી જીવનનાં સરેરાશ આયુષ્ય વર્ષો કેટલાં? જો ગણતરી ચાલીસ વર્ષ આસપાસની સમજીએ તો પૂરા અહોરાત્રિ પંદર વર્ષ એક સ્ત્રીને ઘૂમટાના કાળા કારાવાસમાં જીવન વિતાવવું પડે છે એ કોનાં વાંકે?

જૈન શાસ્ત્રોનાં પાનાં કોણ ઉકેલશે? શ્રી ઋષભદેવથી તે શ્રી મહાવીરના સમય સુધીમાં કોઈ વીરપુરૂષે નારીઓને લાજ—ઘૂમટાથી મ્હોં ઢાંકી દેવાનું ફરમાન કાઢ્યું હોય એવું વાંચ્યું છે? અરે! સાંભળ્યુંએ છે? પ્રભુ મહાવીર અને શ્રી ગૌતમબુધ્ધ સહેજ જન્મ લઈ સમકાલીન બન્યા. ચારે બાજુ અજ્ઞાન અંધકારે પાપાચારમાં ફસેલાં માનવોને જ્ઞાન ચક્ષુ દઈ ધ્યેય અનુસાર દેશનાઓ દીધી. કાર્યની સફળતા અનુયાયીઓ ઉપર અવલંબતી હોઈ બન્ને વિભૂતિઓએ સુજ્ઞ ક્ષત્રિય સાવજોને જૈન ધર્મી અને બૌધ્ધ ધર્મી બનાવ્યાં. કર્મે શૂરા ક્ષત્રિયો ધર્મે શૂરા બનતાં સત્ય ધર્મનો જયઘોષ થઈ રહ્યો.

સમય પરિવર્તનશીલ અને મનુષ્ય સ્વભાવ સીધા ચીલે ચાલવાની ઈચ્છાવાળો હોઈ બન્ને માર્ગ દર્શકોના નિર્વાણ પછી ક્ષત્રિયવંશના વારસદારો જૈનત્વને ભૂલતાં વણિકોજ બનતા રહ્યા, અને ક્ષત્રિય દેશરક્ષકોની સંખ્યામાં મોટો ઘટાડો થયો. હિન્દની જાહોજલાલીએ યવનોને ખૂબ આકર્ષ્યાં અને દરેક આક્રમણે ક્ષત્રિયત્વનો નાશ થતો ચાલ્યો. જીવન મોહથી બાજીના સમરાંગણથી ઘર ભણી દોડી જવા લાગ્યા ત્યારે ક્ષત્રિયાણીઓએ સાફ સંભળાવી દીધું. "એવા હેવાતન (સૌભાગ્ય) કરતાં સાહીશ હું વિધવાપણાને" છતાં ઓસરેલાં પાણી પુરૂષોને ન ચઢયાં, અને શૂરી ક્ષત્રિયત્વ ધરાવતી નારીઓને અંતે લડવું પડ્યું. કેસરીઆં અને છેવટે જૌહર-પણ કરવાં પડ્યાં. બાકીની નારીઓએ પીછે હઠેલા નામર્દોનાં મુખ નહી જોવાને કે પોતાનાં મુખ નહીં બતાવવાને લાજ ખેંચી—શરમના શેરડા પડતાં મુખ ઢાંક્યું. જીવતર લોલુપ પુરૂષજાતને તો આથી ફાવટ મળી. સ્ત્રીઓપરના આક્રમણો ટાણે પાણીએ ઓઝા કરવાની યુક્તિ જડી. જ્યાં જ્યાં નારી હરણનો ભય થાય ત્યાં ત્યાં નામર્દાઈ છુપાવવા નારીને મુખથી તે પગની પાની સુધી ઘૂમટામાં રહેવાની રૂઢિ કરી દીધી. હિંદમાં નામર્દ જનોનો સુકાળ (!) ફેલાઈ રહ્યો.

પ્રભુ મહાવીર પછી પચ્ચીસો વર્ષ વીતી ગયાં. જો એમના ઉપદેશાનુસાર સમાજ ચાલ્યો હોતતો આટલા દીર્ઘ કાળમાં એ ઉન્નતિની પરાકાષ્ટાએ પહોંચ્યો ન હોત? પણ જ્યાં જૈનત્વના ક્ષત્રિયત્વના સાચા સ્વરૂપની સમજણ વીના માત્ર રૂઢિ પાલનપરજ સ્વાર્થીપ પુરૂષ સમાજ ભાર દેતો થાય ત્યાં અધોગતિ સિવાય બીજું શું હોય? આજેજ જુઓને? જ્યારે મ્લેચ્છોનાં આક્રમણો હતાં ત્યારે પુરૂષે નારી જીવનપર લાજની પ્રથા લાદી; તે આજે પણ જૈનત્વના શિક્ષાપીઠના આદેશને સમજતો હોય તો આ જંગલી પ્રથા ટકે શાની? પણ આજે તો પુરૂષ, સમાજના સિતમો સામે થઈ શકતો નથી, એનામાં હિંમત નથી, શૌર્ય નથી અને તેથી આજના ઝડપી પ્રગતિ યુગમાં અને તે પણ જૈન સમાજમાં એ ગોઝારી પ્રથા ટકી રહી છે; અને એને ટકાવવાને બ્હાનાં પણ ઠીક ઠીક શોધ્યાં છે ને?

વડીલોની મર્યાદા તો સાચવવી જોઈએને? સ્ત્રીઓએ શરમ તો રાખવીજને? આ બે નિર્માલ્ય દલીલો, એ નારીનો ધર્મ છે એમ પુરૂષ જાત નારીઓને સમજાવવા પ્રયત્ન કરે છે, અને રૂઢિચુસ્તો ઉપરાંત આજના યુવાનોએ પણ એમાં ખૂબ સાથ સીધો યા આડકતરો આપ્યો છે, ત્યારે જૈનત્વનું—મનુષ્યત્વનું લીલામ થતુંજ લાગે છે. કોલેજમાં યુવાનો આદર્શો સેવે છે, મનોરથો ઘડે છે. સ્વતંત્ર કલ્પના સુંદરીના સ્વપ્નો ખડાં કરે છે; અને જ્યારે જીવન વ્યવહાર શરૂ કરે છે ત્યારે ફક્ત હિંમતના અભાવે—શૌર્યના અભાવે એ પણ એજ પ્રકારની લાજની-ઘૂમટાની સ્ત્રીઓ પાસે આશા રાખે છે. નારી જીવનના અગણિત દુઃખો ભૂલી જઈ એ પણ જીવન સખી સાથે રગશીયું ગાડું હાંકે છે—અને પોતે જીવે છે એમ મનાવે છે.

લાજની પ્રથામાં આજે કઈ ભાવના ઓતપ્રોત થઈ રહી હશે? કે જ્યાં જુઓ ત્યાં પડછાયાની જેમ સાથેને સાથેજ એ બેડી નારીઓને વળગીજ રહે છે.

આપણા મંદિરો અને ઉપાશ્રયોમાં એ નારીઓને ઘૂમટો ખેંચવો પડે. સારે માઠે અવસરે એમને લાજ કાઢવી પડે. રેલ્વેની મુસાફરીમાં એમને પીઠ ફેરવી જાણે એમને જીવનરસ હોયજ નહી એમ બેસી રહેવું પડે; અને ગૃહમાં તો સૂર્યના અજવાળાંએ દેખવા મળતા હશે કે નહી એ પણ નારીઓને પૂછવું પડશે. આટલી ભયંકર શીક્ષા કોને પાપે? **પુરૂષ એ રૂઢિને ઉખેડી ફેંકી શકતો નથી એટલાજ માટેને?** કે પછી વિકારી પુરૂષોની વેધકદ્રષ્ટિમાંથી બચાવવાને પુરૂષની વ્યવહાર (!) બુધ્ધિ એ યુક્તિને ટકાવી રાખતી હશે? જો એમજ હોય તો એવી પુરૂષ જાતને ઘાંચીના બેલના ડાબલા શું કામ ન ચઢાવવાં? પરાયામાલની ચોરી કરનાર શિક્ષાને પાત્ર કે સંપત્તિ રાખનાર શાહુકાર? લાગણી વિવશ બની જતાં પુરૂષ જંજીરને લાયક કે સૌંદર્ય ધરાવવા બદલ નારી? અને વિકારવશ પુરૂષોથીજ બચવાનો હેતુ હોય તો **ગૃહનાં વડિલોની** સમક્ષ સ્ત્રી મુખ શું કામ ઢાંકે? વાગ્દાન દેવાએલી નાની બાળાઓ અને સૌંદર્ય ગુમાવી બેઠેલી વૃધ્ધાઓ લાજ શું કામ કાઢે? શું ત્યાંએ એ સુરક્ષિત નથી? કે પુરૂષ જાતની નબળાઈ કદાપિ સમજાય તેવી નથી?

(અનુસંધાન પાને ૧૩૪)

( અનુસંધાન પાનું ૧૩૩ થી ચાલુ.)

લાજ-ઘુમટાની પ્રથાએ કૌટુમ્બિક સુખનો-સ્નેહનો આનંદનો નાશ કર્યો છે. વધુઓ વડિલોના વિચાર જાણવા પોતાના સ્વાર્થ ભોગે પણ એમને રાજી રાખવા અનેક પ્રયત્નો કરે છે, છતાં એ ઘુમટો-ઝોલ્લો, કૌટુમ્બિક ભાવનાને જડમૂળમાંથીજ ઉખેડી દે છે. મુખ ખોલ્યા વિના હૃદય ખોલીને વાત થઇ સાંભળી છે ? હૃદય ખોલ્યા વિના હૃદય એક થયાં એમ ક્યાંયે બન્યું છે ? જરાક આપણી નજદિકનાં મહારાષ્ટ્રીય કુટુંબો જોયાં છે ? શ્વસુરથી માંડીને અનેક પુત્રવધુઓની આંખમાં અમીઝરતું-સ્નેહની છોળો ઉડતી જોઇ છે ? ત્યાં શું છે ? એ ભૂમિ ઉપર મહારાષ્ટ્રિય નરશાર્દુલશિવાજીએ નારી જીવન-ગૌજીવન-અને બ્રાહ્મણ જીવનને પોતાની ખડગથી સુરક્ષિત રાખ્યું છે. નારીજીવનને પુરૂષ જાતની નિર્માલ્યતા ત્યાં લાધી ન હતી; એટલે ત્યાંએ અસુર છે, વડીલો છે, અને માનવ સ્વભાવ સરખા હોય તેવા પુરૂષોય છે. છતાં ત્યાં નારીની આંખમાં શરમ છે, એ છટી ગઇ નથી, છટકેલ બની ગઇ નથી, ઉઘાડા શિરે ફરે છે છતાંયે.

નારીજીવનના કપાળે ચોંટેલા આ હીચકારા દોઝખને નામર્દ મપિતામહોનાં કલંકને—યુવાન માનસજ દૂર કરી પાપનાં પ્રાયશ્ચિત કરી શકે. લગ્નનો દિવસ એજ સ્વાતંત્ર્યનો દિવસ છે: આ નર્કને એકજ ઝટકે દુર કરી લગ્ન ગ્રંથીથી નવદંપતિ જોડાય તો એમનો જીવનરાહ સાવ સ્વતંત્ર અને સરળ બને.

( બીજું દોઝખ 'સંયુક્ત કુટુંબમાં સાસરવાસ' આવતા અંકે.)

## પાલનપુરમાં જૈન લગ્ન.
### ઘુમટાને તિલાંજલી.

( અમારા ખાસ ખબરપત્રી તરફથી)

આ જૈન તરૂણ સંઘના મંત્રીશ્રી ભોગીલાલ. સી. બક્ષીના. બ્હેન શ્રી કમળાવતીનાં લગ્ન ગયા શુક્રવારે તા. ૨૨ મીએ ખુબ આનંદપૂર્વક ઉજવાયાં.

શ્રી કમળાબ્હેને, આજસુધી અહીંના વિદ્વાનો જે હીચકારી પ્રથાઓ દૂર કરતા સમાજથી કંપતા હતા, તે જાતેજ સ્વમાન સમજી દુર કરવાની જે હિંમત બતાવી છે તે ખરેખર અભિનંદનીય છે. તે બ્હેને અનેક વર્ષોથી નારીજીવન ઉપર લદાયેલી એ લાજની જંગલી પ્રથાને એકજ ઝટકે ભગાવી દઇ, શુદ્ધ ખાદીના શ્વેતવસ્ત્રોમાં સજ્જ થઇ ભાવપૂર્વક જ્યારે પાણી ગ્રહણ કર્યું ત્યારે, જુનવાણીમાનસ કૌતુક પ્રિય બની આ દંપતીને જોવા ઉલટી પડ્યું હતું. એમના પિતાશ્રી શ્રી બક્ષીએ પણ રૂઢિ ગ્રસ્ત દોસ્તોની પરવા વ્હોરી લઇને પણ કમળાબ્હેનની ભાવનાનુસાર લગ્ન થવા દીધું તે બદલ તેમને પણ અભિનંદન છે. નારી સ્વાતંત્ર્ય અને કૌટુમ્બિક સુખના નાશને નોતરતા આ નર્કને પાલનપુરમાંથી હાંકી કાઢવાની અસાધારણ હિંમ્મત બતાવી અન્ય બ્હેનોને સ્વમાનના રાહ બતલાવવા જે પહેલ કરી છે તે માટે પાલનપુર સંઘના યુવાનો અને ઉદાર માનસવાળા સુધારકો ફરી ફરી એમને અભિનંદન આપી રહ્યા છે.

**મહાત્માજી ઉપર બોમ્બ:—**

પુનામાં મહાત્માજી પધારતા ત્યાંની મ્યુનીસીપાલીટી તરફથી માનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એ માનપત્રના મેળાવડા વખતે એક અજબ બનાવ બન્યો. મહાત્માજીના પધારવાના સમયે તેમના જેવીજ એક મોટર ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો, સદ્ભાગ્યે તેમાં મહાત્માજી નહોતા. મહાત્માજી ત્યારપછી સાત મીનીટે આવ્યા હતા. જે મોટર ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો તે મોટરમાં સનાતનીના લીડર ભોપટકર હતા તેમને ઇજા થઇ છે, તેમજ ત્યાં ઉભેલા પાંચ-૭ બીજા ભાઇઓને પણ ઓછી વત્તી ઇજા થઇછે. જાહેર પુરૂષો ઉપર આવા અત્યાચારી હુમલાઓ અનિચ્છનીયછે. સનાતનીઓ આવા અત્યાચારથી પોતાનું ધ્યેય સિદ્ધ નહિ કરી શકે.

## આર્હત જીવન જ્યોતિ.

એક દ્રષ્ટિપાત.

'કાચા વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે ન જતાં ત્રિકાલાબાધિત વીતરાગ માર્ગે સંચરે' એ ઉદ્દેશથી શ્રી જીવનલાલ-પન્નાલાલે શ્રેણીબધ્ધ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાની ઇચ્છા દર્શાવી હતી, અને તે કાર્ય શ્રીયુત હીરાલાલ-રસીકલાલ કાપડીઆને સોંપવામાં આવતાં તેમણે 'આર્હત જીવન જ્યોતિ પહેલી કીરણાવલી' નામનું પ્રથમ પુસ્તક તૈયાર કરી બહાર પાડ્યું છે, જેમાં બાળકોને જૈન ધર્મમાં થતી ક્રીયાઓમાં વપરાતી વસ્તુઓની સચિત્ર સમજણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી રવિન્દ્ર અને પુલિનદત્તની પીંછીએ તૈયાર કરેલાં ચિત્રો ખરેખર આંખને ઉડી વળગે એવાં નૂતન યુગને અનુસરતાં ભાવવાહી છે વસ્તુને ઝીણવટથી સમજાવવાનો સુંદર પ્રયત્ન થયો છે.

આવાં પાઠ્યપુસ્તકોની જરૂરિયાત માટેનો ખાસ જુદો મત નથી હોતો પણ જે ઉદ્દેશાનુસાર પુસ્તકો તૈયાર કરવામાં આવે છે તે ઉદ્દેશ બરાબર સચવાય છે કે કેમ ? બાળજીવો ઉન્માર્ગે ન જાય તેમજ ભય અને અંધશ્રદ્ધામાં ન પ્રેરાય એ પણ જોવાનું છે. '**એ દેવીને પુજવાથી આપણને જ્ઞાન મળે છે.**' તો પછી બાળક બીજી મહેનતનાજ શું કામ કરે ? દેવીઓને પૂજ્યાજ કરેને ? કે જેથી જ્ઞાન મળ્યે જાય. બાલ્ય વયથી ઠસાવી મારવામાં આવેલી આવી ભાવનાઓ મોટેરાંને પણ ખરો મર્મ પાછળથી સમજવા દેતી નથી. દેવદેવીના પૂજનના લાભ અને અપૂજનનાં પાપ આજે જૈનોમાં એટલી અંધશ્રધ્ધા અને ભયપ્રેરી રહ્યાં છે કે નથી તો આજનો જૈન કોઇ સાહસકાર્ય કરી શકતો કે નથી તો એ સાચા જૈનત્વને પિછાનવાની તકલીફ લેતો, સિવાય 'આ થાય અને આ ન થાય' ની ઠસાવેલી માન્યતાના અંધશ્રીલે ચાલ્યાજ કરતું. અને જૈન દ્રષ્ટિએ દેવદેવીનાં પૂજન મિથ્યાત્વ ન કહેવાયકે ?

મુખપૃષ્ટ ઉપરનું મંદિરનું ચિત્ર કોઇ બૌધ્ધ દેવાલય કે મઠ જેવું લાગે છે. અને આખાએ પુસ્તકની ભાષા જે બાળ વર્ગમાટે એ તૈયાર થયું છે એ ન સમજી શકે તેટલી અઘરી છે, અને પુસ્તકનું નામતો બાળકને તરત યાદ રહી જાય તેટલું નાનું અને સહેલું છે! "**આર્હત જીવન જ્યોતિ પહેલી કિરણાવલી**" બન્ને કવિતાઓમાં જૈનત્વની દ્રષ્ટિ શું છે! કવિતાખાતર લખવામાં આવી હોય તો નાનકડી પ્રભુ પ્રાર્થના ન મુકાય ? દરેક કિરણનું મથાળું પાઠના અક્ષરો કરતાં મોટા અક્ષર (ટાઇપ) નું રહે તો ઠીક અને સૌથી અગત્યનો પ્રશ્ન છે પુસ્તકની કિંમ્મતનો. જે માતા-પિતાના કદી ન વીસરી શકાય એવા ઉપકારોના સ્મરણ ચિહ્ન તરીકે, અને જૈન બાળકો ઉન્માર્ગે ન જાય એવી એ દ્રષ્ટીએ પ્રસિધ્ધ થતા આ પ્રથમજ પુસ્તકની કિંમત ૦-૫-૦ હોય ત્યારે જૈન નામ ધરાવતા દરેક બાળકને એના વાંચનનો લાભ મળી શકશે ? બીજા પ્રસિધ્ધ થતા પુસ્તકોમાં સુધારો થઇ શકે તો અને કિંમત બહુજ ઓછી રાખવામાં આવે તો શ્રી જીવણભાઇનો હેતુ બર આવી શકશે.

ડાહ્યાભાઇ-વી-મહેતા.

# છાત્રાલયોનો પ્રશ્ન.

[ છાત્રાલયો ઉપરદૃષ્ટિ, ધર્મ અને સમાજના ઉત્થાનનો મોટો આધાર રહેલો છે. એ છાત્રાલયો જો નિયમિત અને આધુનિક પદ્ધતિએ વ્યવસ્થિત થઈ જાય તો સારામાં સારૂં ફળ આપી શકે. તેથી છાત્રાલયોને વ્યવસ્થિત અને સફળ બનાવવા હમણાં ગંભીર વિચારણાઓ તેમજ અખતરાઓ થઇ રહ્યા છે. અને તેમાં છાત્રાલયના પ્રશ્ન સાથેજ જેઓ જોડાએલા છે તેઓની મનોદશા સમજવી અગત્યની છે. પાટણ ખાતેના ચતુર્થ છાત્રાલય સમ્મેલનના પ્રમુખ શ્રીયુત્ હરભાઇ ત્રિવેદીએ પ્રમુખસ્થાનેથી એ વિષયમાં ખૂબ પ્રકાશ નાંખ્યો છે, તેમાંથી આ અગત્યના ફકરાઓ છે. તંત્રી ]

કોઇપણ બે ગૃહપતિઓ છાત્રાલયના પ્રશ્ન ઉપર ચર્ચા કરતા હોય તે સાંભળવા જેવી છે. બે ગૃહપતિઓના વિચારો એકમત થતા હોય એવું ભાગ્યેજ જોવામાં આવે છે. હા, કોઇ વખત છાત્રો ઉપર દમન કરવાની બાબતમાં અથવા તો છાત્રાલયના સંચાલકોની સાથે કામ પાડવાની બાબતમાં ક્યારેક તેઓના અભિપ્રાયો એક સરખા થઈ જાય છે ખરા.

એક ગૃહપતિ: "આ સ્વાતંત્ર્યના સિદ્ધાંતે મને તો ભારે મુંઝવણમાં નાંખ્યો છે. વિદ્યાર્થીઓને કંઈ કહેવાપણુંજ નહિ, અને તેઓ જેમ કરે તેમ કરવા દેવું, એનાથી કશુંજ સારૂં પરિણામ આવે તેમ હું માનતો નથી. જો એમને કશુંજ કહેવાપણું ન હોય તો આપણું અહીં છાત્રાલયમાં કામજ શું છે?"

બીજો ગૃહપતિ: "ભલા માણસ, તમે સિદ્ધાંતને સમજ્યાજ નથી. સિદ્ધાંતતો એક આદર્શ માત્ર છે. વ્યવહારમાં તેનો પ્રયોગ કરવો પડે, ત્યારે તો આદર્શને થોડો થોડો પાતળો પણ કરવો જોઇએ; વિદ્યાર્થીઓને સમજાવવામાં હું માનું છું, પરંતુ તેઓ નજ સમજે ત્યારે તેમના ઉપર દબાણ કરવુંજ જોઇએ. સ્વાતંત્ર્ય આદર્શ તરીકે રાખીને વ્યવહારમાં બાંધછોડ કર્યા સિવાય છૂટકો નથી."

ત્રીજો ગૃહપતિ: "તમારી વાત પણ અધૂરી છે. એમ કેવળ દમદાટી કર્યે કામ સરતું નથી. જો તમારે વિદ્યાર્થીઓ પાસે અમુકજ પ્રકારનું વર્તન કરાવવું હોય તો તો કંઇક ભય બતાવ્યા વિના કે દંડ કર્યા વિના ચાલે એમજ નથી. હું તો ઘણીયે વખતે છોકરાઓને કંઇ શાસન કરૂં છું, અથવા તો બધા છાત્રો વચ્ચે તેને ઉધડો લઉં છું, એટલે મ્હારૂં કામ બીજા દિવસથી સરળ બની જાય છે."

ચોથો ગૃહપતિ: "મને તો એટલેથી પણ કામ સરતું હોય તેમ નથી દેખાયું. કેટલાક છોકરાઓજ એવા અજડ આવે છે કે તેમને ચોદમું રત્ન ચખાડ્યા સિવાય બીજો રસ્તોજ નથી દેખાતો. ચોર, ભાગેડુ, વિના કારણ તોડફોડ કરનારા એવા બધાજ છોકરાઓને સ્વાતંત્ર્ય આપીએ તો તો કેવળ અંધાધુંધીજ પેદા થાય. કોઇને સમજાવવાથી કામ સરે, કોઇને ડરાવવાથી સરે તો કોઇને શિક્ષા પણ કરવી પડે."

બીજો ગૃહપતિ: "મને હજી આમાં કશી સમજ નથી પડતી. વિદ્યાર્થીઓને સમજાવો તો પણ બીજે દિવસે તેઓ એટલાજ મંદા રહે છે. એમને ભય બતાવો તો પણ બીજે દિવસે તેમનું તોફાન ઓછું થતું નથી. એમને માર મારો તો પણ તેઓ ચોરી કરતા કે નિશાળમાંથી ભાગી નીકળતા બંધ થઇ જતા નથી. મને તો લાગે છે કે આ ગૃહપતિનું કામજ કપરૂં છે. આના કરતાં છાત્રાલયો ન રહે તેજ ઠીક છે."

ત્રીજો ગૃહપતિ: તમારી વાત બરાબર નથી. છાત્રાલયો તો જોઈએજ. બિલકુલ રખડેલ, હાથમાંથી ગયેલા, વધારે પડતું લાડ પામેલા, ચોરી કરવાની ટેવવાળા, વિગેરે પ્રકારના છોકરાઓને માબાપો પણ સાચવી શકવાનાં નથી. માબાપની પાસે સુધારવાની જે રીત નથી તે આપણી પાસે છે. માબાપ ખોટા પ્રેમના માર્યા જે નથી કરી શકતાં તે આપણે કરી શકીએ છીએ. છાત્રાલયો બંધ કરો તો તો પછી સમાજમાં આવા લબાડોની સંખ્યા વધવા માંડી જશે."

પહેલો ગૃહપતિ: "પણ છાત્રાલયમાં બધા આવાજ વિદ્યાર્થીઓ આવે છે તેમ કાં માની લ્યો? કેટલાય સુંદર વિદ્યાર્થીઓ મને તો મળ્યા છે. તેઓ વર્તનમાં સજ્જન હોય છે, ભણવામાં કુશળ હોય છે, સેવાના શોખીન હોય છે, અને દરેક રીતે છાત્રાલયના ભૂષણ જેવા હોય છે."

ચોથો ગૃહપતિ: એવા વિદ્યાર્થીઓ પણ છાત્રાલય જેવા મોટા શંભુ મેળામાં આવીને બગડી જાય છે, એવો મ્હારો અનુભવ છે. આ છાત્રાલય એ તો એક એવા પ્રકારની સંસ્થા છે કે જેના સંબંધે ચોક્કસ પ્રકારનો અભિપ્રાય આપી શકાતો નથી. બગડેલા ત્યાં સુધરે છે તો સુધરેલા ત્યાં બગડે છે. શહેરોમાં રહીને ગામડાના છોકરાઓ અનેક પ્રકારની શહેરી કુટેવોમાં ફસાય છે. વધારે ભણાવવાનો મોહ કોઈ છોડી શકવાના નથી; વધારે ભણાવવા માટે શહેરોમાં આવવા સિવાય બીજો રસ્તો નથી. અને શહેરોને છાત્રાલયો ઉભા કર્યા સિવાય આ પરિસ્થિતિને પહોંચી વળવાનો બીજો એકેય માર્ગ નથી. આતો બધો ગોટાળો છે. આમાં એક વખત સપડાયા પછી હવે કેમ બહાર નીકળવું તે સૂઝતું નથી. મને તો આ બધું ઝેરી કુંડાળું લાગે છે. આપણને કશું સૂઝતું નથી એટલે પછી ગમે તેમ બાચોડિયાં ભરીએ છીએ. કોઈ નિયમનની વાતો કરે છે તો કોઈ સ્વાતંત્ર્યની વાતો કરે છે, કોઇ વિદ્યાર્થી સ્વરાજની વાતો કરે છે તો કોઇ ગૃહપતિની દોરવણીમાં શ્રદ્ધા રાખવા ઉપદેશે છે. આમ જ્યારે કશું સૂઝતું નથી ત્યારે અનેક પ્રકારના એક બીજાના વિરોધી વિચારપ્રવાહો છાત્રાલયની મીમાંસા કરતી વખતે સંભળાય છે, મારો પોતાનો આવો મત છે."

છાત્રાલય ચલાવવાના વ્યવહારૂ કામમાં પડેલા શિક્ષિત ગૃહપતિઓની આ પ્રકારની મનઃસ્થિતિ છે. દૂર ઉભાં ઉભાં સિદ્ધાંતો અને આદર્શોની વાતો કરનારાઓ તરફ હસે છે. નિત્ય જીવનમાં એમને જે અટપટા કોયડાઓ મુંઝવે છે તે કોયડાઓનો કોઈપણ પ્રકારે ઉકેલ લાવવાની તેમની માગણી છે. એ કેમ આવશે એની તેમને હજી ખબર નથી પડી. પરંતુ એ અમુક રીતેજ આવશે એવી તત્વવિચારણા કરનારા લોકોથી તેઓ અવશ્ય થાક્યા છે.




## છેલ્લી ઝંખના

'બિરાદરો ! તમોએ કોઈ દિવસ આવતી કાલની કલ્પના કરી છે? એના શહેરોના રસ્તાઓ ઉપર પ્રકાશનાં ધ્વજાપૂર ઉભરાતાં હશે. એના મકાનોના દરવાજાઓ ઉપર સુંદર વેલો વીંટળાઈ હશે. એની સ્ત્રીઓ રાષ્ટ્રની બ્હેનો સમી પૂજાશે. એના પુરૂષો નેક બરકતથી રળતા હશે. એના વૃધ્ધો પોતાના બાળકો ઉપર આશીષો વરસાવતા હશે. એના પ્રજાજનો સંપૂર્ણ આઝાદીથી વિચારો અને વિહારો કરી શકતા હશે. માનવી માનવીની સાથે, પુરૂષ સ્ત્રીની સાથે, પ્રજા પ્રજાની સાથે સંપૂર્ણ સમાનતાથી રહેતાં હશે.

x x x

'**એ સમાજમાં માનવીનું** હૃદય **યજ્ઞની વેદી જેવું** વિશુધ્ધ બન્યું હશે. એ સમાજમાં રાગ નહિ હોય, દ્વેષ નહિ હોય. કારખાનાંઓ અને શાળાઓની, સમાન રોજગારીની અને સમાન શિક્ષણની સાચી બિરાદરી હશે. એ સમાજમાં કીર્તિ એ પુણ્યકાર્યનો પૂરો બદલો લેખાશે, ને નામનાની પાપની પૂરતી સજા ગણાશે. એ સમાજમાં સહુને રોજગારી મળશે. સહુને અધિકારો મળશે, સહુને શાંતિ મળશે. **એ સમાજમાં** રક્તપાતને સ્થાન નહિ હોય. વિગ્રહખોરીનું નામોનિશાન નહિ હોય. એ સમાજમાં માતાઓ સુખી હશે. પત્નિઓ બંધનમુક્ત હશે. બાળકોને સમાન શિક્ષણ મળશે. **એ સમાજ** રોગમુક્ત હશે. શાંતિભરી આઝાદીનો સુરભિવાયુ લહેરાતો હશે.

x x x

'**બિરાદરો ! કઇ દિશામાં** પ્રસ્થાન કરવાને માટે આપણે આજે કદમ ઉઠાવ્યાં છે? આપણે વિજ્ઞાન અને બુધ્ધિએ સ્થાપેલું રાજતંત્ર જોઇએ છીએ. એના અંતરમાં જેટલું ખમીર હોય એટલો અમલ ચલાવતો અને એટલી સજા કરતો કુદરતી કાનૂન આપણે સ્થાપવા માગીએ છીએ. આપણે પ્રજાઓનું સંગઠન કરવા માગીએ છીએ. આપણે માનવી માનવી વચ્ચે એકતા સ્થાપવા માગીએ છીએ. એ **સમાજમાં** કોઇ કૃત્રિમ અધિકારો ભોગવી શકશે નહિ. કોઇ કોઇને શોષી શકશે નહિ. કોઇ કોઇના પરસેવાને લૂંટી કે ચૂંથી શકશે નહિ. આપણી નેમ સ્થિતિ ઉપર સત્યનું શાસન સ્થાપવાની છે.

x x x

'**બિરાદરો! આજે આ સ્થાને** ગમે તે અંજામ આવે. આપણે જીતશું તેમ ક્રાંતિ સર્જી શકીશું. જેમ આગ એક શહેર ઉપર લાલ પ્રકાશ ફેંકે છે તેમ ક્રાંતિ સમસ્ત માનવજાતને લાલ તેજથી ઝળકાવે છે. અને આપણે સર્જશું એ ક્રાંતિ કેવી થશે? એ ક્રાંતિ સત્યના આચારની ને સત્યના વિચારની ક્રાંતિ બનશે.

x x x

'**રાજકીય દ્રષ્ટિએ આપણે** એકજ સિદ્ધાન્ત સ્થાપવા માગીએ છીએ. માનવી પોતાનો કુલમુખત્યાર માલીક બને. મારી જાત ઉપરની મારી આ કુલમાલીકી એજ ખરી આઝાદી છે. જ્યારે આવી ત્રણ ચાર અલાહેદી આઝાદીઓ એકત્ર થાય છે ત્યારેજ રાષ્ટ્રની રચના થાય. આ સ્વતંત્ર સહકારમાં કોઇનું કોઇના ઉપર વર્ચસ્વ નહિ હોય. માત્ર દરેક માનવી પોતાની આઝાદીમાંથી થોડો થોડો ભાગ આપશે: એ ભાગોનું એકીકરણ એ સર્વ સાધારણ જન્મસિધ્ધ અધિકાર બનશે. આ જન્મસિધ્ધ અધિકારની બહોળામાં બહોળી વ્યાપકતા એજ સાચી સમાનતા લેખાશે.

x x x

'**જન્મસિદ્ધ અધિકારોનો અર્થ** એકજ હોઇ શકશે. સમાજના અંગભૂતોના તમામ અધિકારોનું પૂરેપૂરં જતન એણે કરવું જોઇશે. આ તમામ આઝાદીઓના વર્તુળો જે સ્થળે સંયોજીત થશે તેનેજ સમાજ કહેવાશે. આ સંયોજન વ્યક્તિઓની આઝાદીઓનું સંગમ–સ્થાન હોવાથી ત્યાં ગાંઠ પડશે. એનેજ સામાજીક બંધન, સામાજીક નીતિ કે સામાજીક જીવનના નામથી ઓળખવામાં આવશે. એ બંધન એજ ભાતૃભાવ, નૂતન સમાજ, જે હું અને તમે રચવા માગીએ છીએ તે આવી સ્વતંત્રતા, સમાનતા ને ભ્રાતૃતાના પાયાઓ ઉપરજ રચાવી જોઇશે.

x x x

'**નાગરિકત્વની દ્રષ્ટિએ સર્વને** વિકસવાની પૂરેપૂરી ને સમાન તકો મળશે. રાજકીય દ્રષ્ટિએ સર્વના મતનું સમાન વજન રહેશે, આર્થિક દ્રષ્ટિએ દરેકને જીવવાનો સમાન અધિકાર પ્રાપ્ત થશે. સર્વને પ્રાથમિક કેળવણી ફરજીઆત મળશે. માધ્યમિક કેળવણી સર્વ કોઇ માટે સહજ સાધ્ય બનશે. સર્વને સમાન પ્રકાશ મળશે, કેમકે સર્વ કોઇ વસ્તુ પ્રકાશમાંથી સર્જાય છે, ને પ્રકાશમાંજ સમાય છે.

x x x


'**બિરાદરો ઓગણીસમી સદી** મહાન છે. પરંતુ વીસમી સદી સુખી બનશે. પુરાતન ઇતિહાસે એના જેવી કોઇ સદી નોંધાઇ નહિ હોય એવી એ બનશે. આજની જેમ માનવીને પરાજયની, પરચક્રની, અત્યાચારોની, સિતમગારીની. પ્રજાઓની સરાસ દરિદ્રતાની, રાજાના લશ્કરથી, વારસાગત જુલમગાર સત્તાને એકાદ બાળકના જન્મથી, ભૌગોલિક સરહદના ભેદથી, સંસ્કૃતિની આગેકદમની રૂકાવટ થવાની માનવીને કોઇ દહેશત નહિ રહે. દુકાળ કે થાકનો કોઇ ભય નહિ રહે. કંગાલિયતને કારણે વેશ્યાવૃત્તિ સંભવી શકશે નહિ. રોજગારીને અભાવે ભૂખમરો સંભવી શકશે નહિ. ફાંસીના માંચડાઓ ત્યાં ઉભા થશે નહિ. તલવારોની તાલીઓ ત્યાં પડશે નહિ. યુદ્ધના કોલાહલ ત્યાં સંભળાશે નહિ. પ્રસંગોમાંથી જાગતી આકસ્મિકતાનું કોઇ આક્રમણ થઇ શકશે નહિ. હું તો એમ કહેવા માંગુ છું કે આવતી કાલના એ સમાજમાં કોઇ વિશિષ્ટ પ્રસંગોજ બનશે નહિ. આપણે સંપૂર્ણ આઝાદી ને સંપૂર્ણ સુખનો સંપૂર્ણ ઉપભોગજ કરતા હોઇશું અને કરતા રહેશું.

[ ફ્રેન્ચ સાહિત્ય સમ્રાટ વિક્ટર હ્યુગોકૃત 'લા મિઝરેબલ' માંથી ]

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

આસંબીઆમાં અત્યાચાર

Reg. No. B. 3220.




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. ] શ્રી જૈન યુથ સીંડીકેટ ( તરુણ જૈન સમિતિ )નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૧૪ મો. સોમવાર તા. ૧૬-૭-૩૪

# આસંબીઆના અત્યાચાર સામે જનતાનો પ્રકોપ.

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૧૨-૭-૩૪ના રોજ રાત્રીના સાડા આઠ વાગે, આસંબીયામાં જૈનો ઉપર ગુજરેલા સીતમ માટે વિરોધ દર્શાવવા જૈનોની એક જાહેર સભા મળી હતી.

શ્રીયુત અમૃતલાલ દલપતભાઇ શેઠે સભાનું પ્રમુખસ્થાન લીધા બાદ શ્રીયુત કૃપાળ જીવાણીએ શરૂઆત કરતાં જણાવ્યું કે આપ સર્વે સારી રીતે જાણો છો કે આસંબીઆ (કચ્છ)ના ઠાકોરે ત્યાંના મહાજન ઉપર એક નજીવી બાબત માટે તે પણ પોતાનીજ હઠીલાઇ માટે સીતમ ગુજાર્યો છે, વિગેરે વિગેરે વિવેચન કર્યું હતું. ત્યાર પછી શ્રીયુત ગુલાબશંકર અમૃતલાલે જણાવ્યું કે પોતે જૈન નથી છતાં પણ એક રાજસ્થાની કાર્યકર્તા તરીકે આ સ્થળે ઉભા થયા છે, એમ જણાવી પ્રાસંગિક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ શ્રી જૈન શ્વે. કો. ના સેક્રેટરી શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શેઠે ઐક્યતાની હાકલ પાડતાં જણાવ્યું હતું કે હું રાજસ્થાની પ્રજા નથી પરંતુ રાજસ્થ.ની બાબતોમાં મહને શ્રી. શેઠ તથા તેમના પત્રકારરૂપ સૌરાષ્ટ્ર અને જન્મભૂમિએ રસ લેતો કર્યો છે. આપણે જાણીએ છીએ કે અહીં કરતાં ત્યાંની પ્રજામાં ઘણોજ કચવાટ, ઘણુંજ દુઃખ, ઘણોજ અસંતોષ છે. આપણે જો તેમને પીઠબળ આપીશું તો જરૂર તેઓ આવા જુલ્મોથી બચી શકશે.

આપણે આટલાં બધાં દુઃખો સહન કરીએ છીએ, અન્યાયો સહી લઇએ છીએ તેનું મુખ્ય કારણ તો આપણામાં ઐક્યતાનો અભાવ છે. સંગઠનનો અભાવ છે. ઐક્યતાની આપણે વાતો ઘણી મોટી મોટી કરીએ છીએ અને તેને લગતા ઠરાવો પણ કરવા ભૂલતા નથી, પરંતુ તે બધા ઠરાવો કાગળ ઉપરજ રહી જાય છે અને તેને લગતું કંઇપણ રચનાત્મક કાર્ય કરતાજ નથી.

ત્યાર બાદ શ્રીયુત મનસુખલાલ હીરાલાલ લાલને નિચેનો ઠરાવ મુક્યો હતો:—

ઠરાવ ૧ લો—મુંબઇના જૈનોની જાહેર સભા આસંબીયાના ઠાકોરે અને તેના માણસોએ ત્યાંના જૈનો ઉપર કરેલા અત્યાચાર માટે સખ્ત રોષ જાહેર કરે છે. આ કીસ્સામાં જેને સહન કરવું પડ્યું છે તેમને તત્કાળ અને ચોકખો ન્યાય મળે એ ખાતર આ કેસ માટે સ્પેશીયલ મેજીસ્ટ્રેટ નીમવા. આ કામના ફરીયાદીઓને કાયદાની સંપૂર્ણ મદદ કચ્છમાંથી અને બહારથી મળે તેવી બધી સગવડ આપવા અને જાગીરદારો અને તેમની પ્રજા વચ્ચે આવા કિસ્સાઓ ફરીથી ન બને તે માટે હરેક પગલાં લેવાં તેઓ કચ્છના સત્તાધિકારીઓને વિનંતી કરે છે.

ઉપરના ઠરાવને ટેકો આપતાં શ્રી. મણીલાલ જેમલ શેઠે પ્રસંગોચિત ભાષણ કર્યું હતું અને તે ઉપરાંત અમીચંદ ખેમચંદ શાહે પણ જોરદાર વિવેચન કર્યું હતું.

ઠરાવ ૨ જો—ઉપરોકત ઠરાવ કચ્છના નામ. યુવરાજને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઉપરના ઠરાવો ઉપર મત લેતાં સર્વાનુમતે તે પસાર થયા હતા અને પ્રમુખશ્રીએ પોતાનું વિવેચન શરૂ કર્યું હતું.

દરેક જમાને આ પ્રમાણેજ હોય છે કે "એક સત્તાધિશે—સત્તાધીકારીએ બીજા સત્તાહિન મનુષ્યો ઉપર અત્યાચાર ગુજાર્યો છે." આવી વસ્તુમાં જૈન શાસ્ત્ર ગોતવું

( અનુસંધાન પાને ૧૪૩ )

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**

**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડા થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )


# —: તરૂણ જૈન :—

સોમવાર તા૦ ૧૬-૭-૩૪


## આસંબીઆમાં અત્યાચાર.

જૈન સમાજ એટલો નિર્બળ બન્યો છે કે તે પોતાનું રક્ષણ કરવાને પણ સમર્થ નથી. આ પરિસ્થિતિને પીછાણી સમાજ ઉપર એક પછી એક એમ ચો તરફથી હલ્લા આવતાજ જાય છે. એક બાજુ તીર્થરક્ષાનો પ્રશ્ન વિકટ બનતો જાય છે, જ્યાં જુઓ ત્યાં તીર્થો માટે ઝગડા ઉભાજ છે. ત્યારે બીજી બાજુ આંતરકલહની. આગમાં આગેજ ધપે જઇએ છીએ. આથી આપણી શક્તિ ખૂબ ક્ષીણ થઇ ગઇ છે. આપણી આ નબળાઇ જોઇ બહારથી બીજી કોમ કે સમર્થ વ્યક્તિ આપણા ઉપર જુલ્મ ગુજારવામાં જરાયે બીનસલામતી માનતી નથી. આસંબીઆનો અત્યાચાર હેની સાક્ષી પૂરે છે.

"વાત એમ બની કે મહાજને પોતાના ઢોરો સીમમાં લઇ જવા માટે નવા ગોવાળને બોલાવેલો અને હેની સાથેજ ઢોરોને મોકલવાનું નક્કિ કરેલું, પરંતુ આસંબીઆના ઠાકોર સંગ્રામસિંહે પોતાના જુના ગોવાળ સાથેજ ઢોરોને મોકલવા અને નવા ગોવાળને ન મોકલવો. એ પ્રમાણે મહાજનને ફરમાવ્યું. આથી સમસ્ત મહાજને જણાવ્યું કે આપને આ બાબતમાં કોઇપણ જાતની ડખલગીરી કરવાની જરૂર હોય નહિ. આવી રીતે બોલાચાલી થવાથી માત્ર વાર્ષિક ત્રણ હજારની આવકવાળા એ ઠાકોરે મહાજન ઉપર તથા ગોવાળો ઉપર પોતાના ભાડુતી માણસોદ્વારા હીચકારો હુમલો કરાવ્યો. આ અત્યાચાર આટલેથી ન અટક્યો પણ ત્યાં આજુબાજુ ઉભેલા અને રસ્તામાં જે હડફેટે ચડ્યા હેમને પણ લાઠીઓથી નવાજ્યા, સીમમાં જઇ ખેતરોમાં કામ કરતા ખેડુતોને પણ ખૂબ ફટકાર્યા."

આમ આવી નજીવી બાબતમાં, ત્રણ હજારની વાર્ષિક આવકવાળો ઠાકરડો મહાજન ઉપર અત્યાચાર કરે પોતાના મવાલીઓદ્વારા જૈનો ઉપર આફતોના વરસાદ વરસાવે એ બાબત જ આપણે માટે શરમાવનારી છે, આપણામાં જો સંપ હોય, વિખવાદ ન હોય, બાવડામાં બળ હોય તો કોની મગદૂર છે કે આપણી સામે આંગળી પણ ચીંધી શકે?

શ્રીયુત્ અમૃતલાલ શેઠ કહે છે કે "આજે તમે જૈનો ઉકરડાના કીડા સમાન છો, તમો ઉકરડામાં જન્મ્યા છો અને ઉકરડામાંજ મરવાના છો. તમારી સૈકાજુની નિર્બળતા તમારાથી દૂર થાય તેમ મને લાગતું નથી. પરંતુ તમે તમારી ભાવી પ્રજા માટે, તમારાં બચ્ચાંઓ માટે એ જાતનો વારસો મૂકી જાવ કે તેઓ ભવિષ્યમાં આવા સંગ્રામસિંહો કે રાબેતમારો સ્હામે પોતે પોતાના આત્મબળથી સામનો કરી શકે, અને સાચા મનુષ્ય તરિકે જીવી શકે."

શેઠના આ શબ્દો પાછળ ખૂબ વેદના ભરી છે, આપણી આજની પરિસ્થિતિ તેમને માટે અસહ્ય છે. શા માટે આપણે આપણું રક્ષણ કરવા માટે તત્પર ન થઇએ?

ખૂબ યાદ રાખવું જોઇએ કે દુનિયામાં નિર્બળોને જીવવાનો કશો હક્કજ નથી. હમેશાં બળીયાના બે ભાગજ છે. આપણે આપણું સંગઠન જમાવી અમોઘ બળ ઉત્પન્ન કરવું જોઇએ. વ્યાયામથી આપણા શરીરને કસવું જોઇએ. આંતરકલહને દફનાવી આગે કુચ કરવી જોઇએ. પછી સંગ્રામસિંહોની તાકાત શી છે કે આપણી સામે આંખ પણ ઉંચી કરી શકે, આપણે જો આપણા પગપર ઉભતાં શીખી જઇએ તો આપણને બીજાનું રક્ષણ માંગવાની જરૂર રહેશે નહિં.

આસંબીયાનો અત્યાચાર આપણે માટે હવે લાલ બત્તી લેખાવો જોઇએ. કાળ આપણને પોકારી રહ્યા છે કે 'તમે ચેતો ! નહિં તો આસંબીયા જેવા તો અનેક અત્યાચારો તમારા ઉપર થશે, તમારા બાળબચ્ચાં, તમારી સ્ત્રીઓ અને તમારી ખુદની સલામતિ ભયમાં હશે એટલુંજ નહીં પણ તમારૂં અસ્તિત્વ કાયમને માટે મટી જશે" જ્યારે જગતના ઇતર સમાજો આજે બળવાન બની રહ્યા છે, સંગઠન જમાવી આગે કદમ ભરી રહ્યા છે. વ્યાયામથી શારીરિક સંપત્તિ મેળવી રહ્યા છે, અને પ્રતિસ્પર્ધિઓ જોડે તકરાર કરવાની શક્તિ કેળવી રહ્યા છે ત્યારે આપણે સંગઠનવિહોણા અને શારિરીક સંપત્તિમાં દીવાળું ફૂંકી રહ્યા છીએ. પ્રતિસ્પર્ધિઓના અત્યાચારો મુંગે મોઢે સહી લેવાની ધૃષ્ટતા બતાવીએ છીએ. આ પરિસ્થિતિમાં હવે પલટો આણવાની આવશ્યકતા છે. સ્થળે સ્થળે વ્યાયામશાળાઓ સ્થાપી તેમાં આબાલવૃદ્ધ સૌએ તાલીમ લઇ પોતાનું રક્ષણ કરવાની શક્તિ મેળવવી જોઇએ. રૂઢિચુસ્તતા અને ધર્માંધતાને ધૂતકારી કાઢી નવી રોશનીનાં તેજ ઝીલી આપણું ગુમાવેલું સ્થાન આપણે પુનઃ પ્રાપ્ત કરવું જોઇએ.

આસંબીઆ જેવા બીજે સ્થળે પણ અનેક કિસ્સાઓ બન્યા છે કે જે જાહેર થયા નથી, આપણે જો જગતમાં જીવવું હોય તો આ સ્થિતિ મિટાવીજ છૂટકો છે. આપણી સલામતિ આપણા બળ ઉપરજ નિર્ભર રહેવી જોઇએ. આત્મબળ ઉપર ઝૂઝવાની તાકાત કેળવવી જોઇએ. તોજ આપણે જીવી શકીશું.

# નારી જીવનનાં જીવતાં દોઝખ.

( ૨ )

## "સંયુકત કુટુંબ"ના સાસરવાસ.

ડાહ્યાભાઇ વી. મ્હેતા.

'સાસરવાસ' એટલે મીઠું, મધુરૂં, અનેક કોડભર્યું વનિતાઓનું વિશ્રામસ્થાન. એને દોઝખ કેમ કહેવાય? કુમારાવસ્થા ઓળંગી બાળા યુવાવસ્થામાં પ્રવેશ કરે ત્યારે ન સમજાય તેવા માનસિક ફેરફારો થાય. શરમ અને મુંઝવણ વધી પડે, છતાં ઘડીએ ઘડીએ એ પલટાય. ભાવી સાસરવાસનાં આલ્હાદભર્યાં સ્વપ્નો આવે, ને તેને અંતરમાં શાન્તિ થાય–સુખ મળે. જેની કલ્પના માત્ર બાળાને અનેરો આનંદ આપે તેવા સાસરવાસને સ્વર્ગ શું કામ ન કહીએ?

સાચેજ સાસરવાસ તો સ્વર્ગ છેજ. બન્ને વિજાતીય હૃદયના સાત્વિક જોડાણને સાચવનારૂં એજ સંગ્રહસ્થાન છે. દંપતિના દિવ્ય સ્નેહની અખંડ જ્યોત જગાવનારૂં એ આરામમંદિર છે. પણ એ સ્વર્ગ પુરૂષજાતના સ્વાર્થીય હેતુઓથી આજે નર્ક બન્યું છે. મંદિરને બદલે એ કેદખાનું થઇ બેઠું છે. મહિલાઓના સાસરવાસ ઝાઝા ભાગે "સંયુકત કુટુંબ"ના શંભુમેળામાં પરિણમતા હોય, એમના જીવનમાં નરસમાજે સુખ અને શાંતિ રહેવા દીધી નથી, સ્વાતંત્ર્ય અને આરામ તો સાવ ઝુંટવીજ લીધા પછી, એમના માટે રહેવા દીધા છે, ફકત કલહ અને કંકાસ, ગુલામી અને વિખવાદનાં ઉંડા ઉતરી ગયેલાં ઝેર. આજનો સાસરવાસ એટલે દંપતિના સર્વાંગિક વિકાસને રૂંધતો જંજીરો સહિતનો કાળો કારાવાસ.

રૂઢિનાં મુળો આપણા સમાજમાં એ કેટલાં ઉંડા ઉતર્યાં છે? એ જુનવાણી રૂઢિઓએ આપણા કયા સુખોનું સત્યાનાશ નથી વાળ્યું? ગ્રહસંસારના પ્રથમ પગથિઆરૂપ આપણી લગ્નપ્રથાને પણ એ રૂઢિના ભૂતે કયાં છોડયું છે? આપણાં ચક્ષુ અને બુધ્ધિને અંધ અને બહાવરાં બનાવી મુકી આપણા ગૃહસંસારની શરૂઆત કેવી કઢંગી કરી મુકી છે? રૂઢિના સાવ ખોટા અને નિર્માલ્ય આધારો ઉપરથી ઉપજાવી કાઢેલી, નરનારીના હક્કોમાં ભેદભાવ પાડતી, અસમાન લગ્ન-પ્રથા, સ્ત્રીજીવનને પોલાદી એડી નીચે ચગદી નાંખવા સિવાય બીજું શું કરે ? બાળાનો સાસરવાસ ચાર દિનના ચાંદરણા જેટલીએ ઠંડક શું કામ નથી મેળવતો?

લગ્નનો ઇજારો લગ્ન કરનાર પાસે નહિ, પણ લગ્નના સાણસામાં ફસાવનાર વ્યકિતઓ પાસે છે, એટલે માબાપ કે વડિલોના એક મનસ્વી તરંગે બાળકોના જીવનની હોડ રમાય; અને કોઇ બાળક બાળકીનાં સગપણ થયાં કહેવાય! અને પછી રૂઢિના કડક પાશને, જેની સાથે આખા જીવન સુધી અન્યોન્યનો સહવાસ—દિલ અને દેહનો—રાખવાનો છે, તેને જોવાય નહી અને મળાય નહી! લગ્ન પછીના પ્રથમ મિલને બન્ને ઓળખતાં થાય ત્યારેજ એક "વહુ" અને બીજો "વર" એક મિલકત અને બીજો માલીક છે એમ મને કમને સમજાય અને અનેક આશાઓ ચૂર્ણ વિચૂર્ણ થયા પછી જીવનનાવ હંકારવાનું શરૂ થાય!

સંસ્કાર પામેલ ચેતનવંત કોઇ કુટુંબને અપવાદ તરિકે બાદ કરીએ તો સામાન્યતઃ સમાજમાં આજે પુરૂષને સોળમે વર્ષે પતિ અને સ્ત્રીને ચૌદમે વર્ષે પત્ની બનવું પડે છે. સોળ વર્ષના બીનઅનુભવી પાસેથી કેટલી આશા રાખી શકાય? ન તો એની બુદ્ધિ વિકસીત થઇ હોય કે ન તો એ આર્થિક સ્વાતંત્ર્ય ભોગવતો હોય. એ બાપદાદાના જુના કુટુંબમાંજ વસતો હોય અને જુની પુરાણી ભાવનાઓમાં રાચતો હોય. એ બને છે જ્યારે જીવતા જાગતા પ્રાણીનો માલીક ત્યારે એનાં એ ચક્ષુઓ માલીકી હક પ્રાપ્તિના વિજયે ઉંચા કપાળે ચઢી જાય છે એની ફકત કુટુંબિઓ વશ ગુલામોચિત તુંકી બુધ્ધિ, નવી નાનકડી મિલકત ઉપર સામ્રાજ્ય ભોગવવા તલસી રહે છે, ત્યારે સાવ અજાણ્યા ગૃહમાં એકલી અટુલી ચૌદ વર્ષની સુકુમાર બાળાને નિરાધાર બની ગુલામોના ગુલામ તરીકે જીવન શરૂ કરવું પડે છે. પતિ બનેલા પુરૂષના માતા, પિતા, ભાઇભાંડુ, દાદા ને બીજા વડીલોનું બનેલું એક સંયુકત ટોળું નવવધુના—નવા ગુલામના જીવનના સુખના અણુએ અણુને ચુસી લેતું, એની આસપાસ છુપી ચોકી કરતું–ફર્યા કરે; અને નિસ્તેજ બની જતી બાળા અંતરમાં ઉંડે ઉંડે વિભકત કુટુંબની ભાવી આશામાં દિવસો વિતાવ્યા કરે. નારી જીવનપર અસહ્ય ત્રાસ વરસાવતું 'સંયુકત કુટુંબ' સામ્રાજ્યના ટોળા કરતાંએ એને વધુ ક્રુર નહીં લાગતું હોય!

સ્વતંત્ર નહિ એવા ગૃહમાં નવવધુ, કુટુંબના બધાંએ જુના માનવો કરતાં કાંઇક ઉતરતા દરજ્જાનું પ્રાણી છે, એમ સૌ કોઇ વિચારતું થઇ જાય. સૌ કોઇ જેની જેમ ઇચ્છા આવે તેમ તેના તરફ હુકમ છોડતું ફરે. પુરૂષ વર્ગે તો હોંશીયારી વાપરી, જેમ હીરોજ હીરાને કાપે તેમ સ્ત્રિઓજ સ્ત્રિઓથી દબાય એવી યુકિતઓ વાપરી, ગૃહના હેડવોર્ડર જગદમ્બા સમી સાસુઓને નવવધુઓ ઉપર આક્રમણ શુરાં કરવાની તક આપી દીધી છે અને સાસુઓ પોતાના ઉપર પ્રથમે વિતેલી વિતકકથાઓ, આવું એકચક્રી રાજ્ય જમયા પછી શું કામ યાદ રાખે? ફરીથી એને વહુઆરૂ ચોહુંજ બનવું છે!

સવારના પહેલા પહોરે સાસુનો ધારો થાય, અને ચાકી–પાકી સુતેલી પુત્ર-વધુ ઝબકીને જાગે. ઉઠતાં જરાક સમય થાય તો "એમના વખતમાં તો એ ચાર વાગે ઉઠી અડધું કામ પરવારી મુકતી. અને આજની વહુઆરૂ તો આઠ વાગ્યા સુધી ધણીની સોડ સાચવે"ના હીચકારા મ્હેણાંથી દિવસનું કામ રોજ શરૂ કરાવે. મુંગા પશુ જેમ બધું સાંભળતી–સહન કરતી પુત્રવધુ કામે લાગે, પછી દિવસ દરમિયાન અનેક ટોણા, માર્મિક શબ્દપ્રહારો, વહુના માતા–પિતાએ આપ્યા દીધાં કરકરિયાવરો વિષેના કટાક્ષો સંભળાવતી સાસુ કોઇ ભુખ્યા વરૂની જેમ બિચારી બાળાને પીંખતી જાય, અને સૌ કોઇનાં એઠા જુઠાં ઠામ, વાસણ, કપડાંલત્તાં અને બીજા અનેક કામકાજના દસરડાથી કોમળ બાળાને થકવીને

( અનુસંધાન પાનું ૧૪૨ )

# જૈન સાધુનું શકમંદ મરણ.

## મુનીઓ અને ગુરૂ શ્રી ભક્તિવિજયની ગંભીર ગફલતી.

### જૈનોની જાહેર સભાનો પોકાર.

**પ્રસ્તાવના:**—મુનિ નિપૂણવિજયજીના અવસાન અને ભક્તિવિજય તથા અન્ય સાધુઓની ગેરવ્યાજબી વર્તણુક સામે વિરોધ ઉઠાવનારાઓની એક સભા 'મુંબઇ જૈન યુવક સંઘ'ની આગેવાની નીચે માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૧-૭-૩૪ જેઠ વદ ૪ ને રવીવારના રોજ રાત્રીના આઠ વાગે શ્રી. વીરચંદ મેળાપચંદ બાર-એટ-લોના પ્રમુખપણા નીચે મળી હતી.

આ અવસાન અંગે શ્રી. ભક્તિવીજયજી અને બીજા સાધુઓએ બતાવેલી વર્તણુકથી મુંબઇના જૈન સમાજમાં વ્યાપેલા રોષે લોકો ધસારાબંધ ઉતરી પડવાથી ઘણા ભાઇઓને બહાર ઉભું રહેવું પડયું હતું.

શરૂઆતમાં યુવક સંઘના મંત્રીએ સરક્યુલર વાંચી સંભળાવ્યા બાદ પ્રમુખની ફરમાશથી ભાઇ **વલ્લભદાસ ફુલચંદ મહેતાએ** ઠરાવ મુકવા ઉભા થતાં જણાવ્યું કે મુનીશ્રી નિપૂણવિજયજી શકમંદ સંયોગમાં કાળધર્મ પામ્યા તે માટે શોક પ્રદર્શિત કરવા અને તેઓશ્રીના આત્માને શાન્તિ ઇચ્છવા એકત્ર થયા છીએ. મુનિશ્રી નિપુણવિજયજી વારંવાર તપ કરતા એટલે એક તપસ્વિ હતા, અને મરણ વખતે પણ છઠ અને આયંબીલનું તપ હતું. તેઓશ્રીનું આવા સંજોગમાં કાળધર્મ પામવાનું બને તેથી જૈન માત્રને જરૂર દુ:ખ થાય એમ હું માનું છું.

જે સંજોગોમાં એટલે કે ત્રણ સાધુઓ સાથે વિહાર કરે છે, શેઢી નદીના પુલ સુધી સાથે છે તેમ કેશવલાલભાઇ સાક્ષી પૂરે છે. અને ત્રણે સાધુ સાથે હતા તેમ મુનિ ભક્તિવિજય પોતે તેમના (નિપૂણવિજયના) સંબંધીપર જણાવે છે. ત્યારબાદ જંગલમાં રસ્તાથી દુર સરકારી પડતર જમીનમાંથી ત્રણ-ચાર દિવસ પછી નિપૂણવિજયજીની લાશ અર્ધ ખવાઇ ગયેલી અને લાશમાં કીડા ખદબદતા હતા તેવી સ્થિતિમાં હાથ આવે છે તે બીના જૈન સમાજને શરમાવનારી છે. સત્ય હકિકત તપાસવાને બદલે જે જાહેરાત થાય છે તે કોકડું વધારે ગુંચવે છે. જો અસ્વસ્થ મગજ હતું તો સાથેના મુનિવરોની બમણી ફરજ હતી કે સાચવીને ગામ ભેગા કરે. પરંતુ તેવી દશામાં જંગલમાં મુકીને વિહાર કરી જવો તેનો અર્થ દીવાના માણસને જંગલમાં ભટકાવી મુકીને ભટકવા ત્યજી દેવા જેવું થાય છે, પરંતુ તેઓ દીવાના હતા તે હકિકત સત્યથી વેગળી છે. હાર્ટફેઇલ થાય તો રસ્તાપરજ હોય. અને ઠલ્લે જવા દૂર ગયા હોય તો આચાર્યજી, પુસ્તકો અને પાતરાં શરીરપર બાંધેલાં ન હોય. તેવા તર્ક જતા કરીએ તો પણ માતર પહોંચતાં મુનિ ભક્તિવિજયજીએ કેમ ન પુછ્યું કે બે સાધુજ કેમ આવી પહોંચ્યા! અરે! મજુરોનેજ પાછા તપાસવા કેમ ન મોકલાવ્યા? છેવટે સવારના પોટકું છુટતી વખતે પણ તપાસ કરવાનું યાદ ન આવ્યું? આ હકિકત જાહેર તપાસ માગે છે, અને ખાસ કરીને મહારાજ શ્રી ભક્તિવિજયજીની સહીથી વિગતવાર ખુલાસો બહાર પાડવાની જરૂર છે એમ જૈન સમાજ માને છે. બીજા પણ ખુલાસા તેમણે કરવા ઘટે છે કે (પ્રથમ કબ્રેસ હતો કે? અને તે અમદાવાદમાં પતાવવામાં આવ્યો હતો?) જેથી જૈન સમાજને સંતોષ થાય.

મારે જે ઠરાવ રજુ કરવાનો છે તે તો માત્ર મનુષ્ય-દયા પુરતો છે. મુનિવરો માટે દરેક જૈનને જરૂર માન છે. કોઇ એક મુનિવરનો કે નિપૂણવિજયજીનો માત્ર આ સવાલ નથી. પરંતુ મુખ્ય કે અસ્થિર મગજમાં સાધુ જંગલમાં પાછળ રહી જાય અને ચાર ચાર દીવસ સુધી તપાસ કરવાનું પણ ન કહેવામાં આવે તો મનુષ્ય તરીકેની તે ફરજ ચુકે છે. આવા બનાવ આખા જૈન સમાજને ખરેખર કલંકરૂપ બને છે. તેવી મનુષ્યની ફરજ બજાવવામાં ભુલ થઇ છે તેવા વર્તન પરત્વે દુ:ખની લાગણી પ્રદર્શિત કરવા એકત્ર થયા છીએ. તેમાં કોઇપણ મુનિપર આક્ષેપ કરવાનો હેતુ નથી. પરંતુ તપાસને અર્થે અને દયાર્દ્ર હૃદયને બદલે આવી રીતે બેપરવાઇ બતાવાય તેથી ઉત્પન્ન થયેલી જૈનોની લાગણી બતાવતો નીચે મુજબ ઠરાવ રજુ કરૂં છું.

ઠરાવ:—ખેડા અને માતરની વચમાં મુનિશ્રી નિપૂણવિજયજીનું શકમંદ સંયોગોમાં મૃત્યુ થયું તે બદલ આજની સભા શોક પ્રદર્શિત કરે છે અને મર્હુમના આત્માને શાન્તિ ઇચ્છે છે.

અને તે પ્રસંગે તેમની સાથે વિચરતા મુનિઓએ તેમજ તેમના ગુરૂશ્રી ભક્તિવીજયજી સમીવાળાએ મુનિશ્રી નિપૂણવિજયની લાંબા વખત સુધી તપાસ નહિ કરવા માટે શ્રી ભક્તિવિજયજી ગુરૂ તરીકેની ફરજ બજાવતા ચુકયા છે. એટલુંજ નહિં પરંતુ ભક્તિવિજયજી અને નિપૂણવિજયજીની સાથે વિચરતા મુનિઓ એક મનુષ્ય તરીકેની સામાન્ય ફરજ પણ ચુકયા છે તે તરફ આજની આ સભા સખ્ત અણગમો અને રોષ જાહેર કરે છે.

ઠરાવને ટેકો આપતાં શાહ અમીચંદ ખેમચંદે જણાવ્યું કે તમારી સન્મુખ જે દરખાસ્ત મુકાઇ છે તેને ટેકો આપવા હું ઉભો થયો છું. મુનિ નિપૂણવિજયના અવસાનનો કરૂણ

પ્રસંગ જાહેર છાપાઓમાં વાંચતાંજ કોઇપણ જૈનને લાગી આવ્યા વિના નહી રહે. આ પ્રસંગ, આ શરમભરેલું મૃત્યુ, અને શબની ભયંકર સ્થિતિ કોની ભૂલે થઇ. કોની બેપરવાઇએ થઇ. જેઓ શિષ્યો મુંડતી વખતે અનેક પ્રકારના સધીયારા આપે છે તેવા ગુરૂજીની ભૂલે થઇ.

તમે તમારી સ્મરણશક્તિથી યાદ કરશો તો આવી રીતે કોઇ મુનિવરનું અવસાન સાંભળ્યું છે? ચાર ચાર દિવસ સુધી વગડામાં શબ પડ્યું રહે, જંગલી જાનવરો હાથપગ ચુંથી નાંખે, આખું શરીર કીડાથી ખદબદે, પાસે જતાં નાક ફાટી જાય તેવી દુર્ગંધ મારે તેથી દુરથી મૃત શરીરપર લાકડાં નાંખી અગ્નિસંસ્કાર દેવામાં આવે. આ પ્રકારની ભયંકરતા ઉભી થવામાં તેમના ગુરૂની ન સહન થઇ શકે તેવી બે પરવાઇ ભરેલી વર્તણુંકથી આખા સમાજને શરમાવા જેવું બન્યું છે.

તમે 'આ મારા ગુરૂ છે' 'આ શેઠ છે' આ ફલાણા છે માટે કેમ બોલાય. એ માન્યતામાં ઉતરવા પહેલા એટલોજ વિચાર કરજો કે આ મૃત દેહની અવદશા થવાનું કોના લીધે થયું. ત્યાંજ સીધો જવાબ મળશે કે તેમના ગુરૂ અને સાથેના સાધુઓની બેપરવાઇથી તો એ બે પરવાઇ ભલાવી લેવા માંગો છો. આજે ભક્તિવિજયે ગંભીર ગુન્હો કર્યો છે. તે કાલે બીજા ન કરે તેમ ભક્તિવિજય ફરીથી આવી વર્તણુંક ન ચલાવે તે ખાતર આપણે આપણો અવાજ રજુ કરીએ છીએ. ત્યારબાદ પ્રમુખે ઠરાવ પાસ થયેલો જાહેર કરી લગભગ અડધો કલાક નીચે મુજબ વિવેચન કર્યું હતું.

આજની સભા એવા પ્રસંગ ઉપરથી નથી મેળવવામાં આવી કે ઉત્સાહ અને ઉલ્લાસથી લાંબા ભાષણો કરી શકાય. આજે એવા પ્રસંગ માટે આ સભા મેળવવામાં આવી છે કે જેથી એક જૈનને તો શું પણ જગતમાં રહેતી કોઇપણ વ્યક્તિને પોતાને મનુષ્ય કહેવડાવવાને ઇચ્છા ધરાવતી હોય તેને પણ ખેદ અને દુઃખની લાગણી ઉત્પન્ન કરાવે તેવો છે.

ખેદ અને લાગણી દર્શાવવાના પ્રસંગપર કંઇપણ કહેતા પહેલા હું પ્રથમ કોઇપણ ગેરસમજુતી ન થવા પામે તેટલા માટે હું ભારપૂર્વક એક વાર સ્પષ્ટ કરવાની જરૂર જોઉં છું અને તે એ કે આજે આ ખેદ અને દુઃખની લાગણી દર્શાવતા અમે કોઇપણ વ્યક્તિ પ્રત્યે કે કોઇપણ સાધુ પ્રત્યે અમારો વિરોધ કે રોષ નથી દર્શાવતા પરંતુ જે કાંઇ કાર્ય જૈન સમાજની અંદર થતું હોય અને તે કાર્યથી જૈન સમાજની અને જૈન ધર્મની આબરૂની હાની થતી હોય તો તે પ્રત્યે અમારો વિરોધ જાહેર કરવો તે અમારી ફરજ છે એમ અમે સમજીએ છીએ. હું એમ નથી કહેવા માંગતો કે મુનીશ્રી નિપુણવિજયજીનું અવસાન કોઇ વ્યક્તિથી ઇરાદાપૂર્વક થયું છે. કારણ કે હજુ એના પુરાવાઓ મ્હારી પાસે નથી.

હું જે માંગુ છું તે એ છે કે જે વખતે ત્રણ સાધુઓ સાથે વિહાર કરતા હોય તેમાંથી એક સાધુ બીજા બેની જાણમાં પાછળ પડે છે, બીજા બે સાધુ ગુરૂની પાસે પહોંચે છે. બાકીના ત્રીજા સાધુ વિહાર કરતા રસ્તામાં પાછળ પડે છે અને જ્યાં બીજા બે ગુરૂની પાસે પહોંચે છે અને પાછળ રહેલા નથી આવી પહોંચતાં છતાં તપાસની ગોઠવણ થતી નથી.

જો તપાસ કરવામાં આવી હોત અને ગુરૂએ ગુરૂ તરીકેની ફરજ બજાવવાનો પ્રયત્ન કીધો હોત અને સાથેના બે સાધુઓએ જો મનુષ્ય તરીકેની ફરજ બજાવવાનો પ્રયત્ન કીધો હોત તો આજે આ દુઃખદ પ્રસંગ ઉપસ્થિત નહીં થાત.

કદીએ કલ્પી શકાય નહિં કે માન્ય રાખી શકાય પણ નહીં કે તપાસ કરવામાં આવી હોય કે આ સાથે વિચરતા સાધુ ક્યાં અને કેવી રીતે અને કેવા સંજોગોમાં રસ્તામાં અટકી પડ્યા. આ તપાસ જો થઇ હોત તો આ બીચારા સાધુનું આવું દુઃખદાયક અને કરૂણાજનક મૃત્યુ નહીં થયું હોત.

હું માનું છું કે એકેએક જૈનની જૈન તરીકે તો શું પરંતુ મનુષ્ય તરીકે પણ ફરજ છે કે આવા પ્રસંગો બનવાને માટે ખેદની લાગણી પ્રદર્શિત કરવાની ફરજમાંથી ન ચુકે.

જૈન સમાજ કાયરોનો સમાજ નથી પરંતુ વીરપુરૂષોનો બનેલો સમાજ છે. કાયરતા અને નિર્માલ્યતાને એ સમાજમાં સ્થાન હોવું નહીં જોઇએ. આપણને કોઇપણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી પરંતુ જો કોઇપણ વ્યક્તિ જૈન સમાજની કે જૈન ધર્મની હાસી થવાના પ્રસંગો ઉપસ્થિત કરે તો તેવે સમયે પછી ભલેને તે વ્યક્તિ મહાન પદવીધારી હોય કે મહાન ધનાઢ્ય હોય તે પરત્વે જરૂર આપણે આપણો પ્રમાણિક વિરોધ દર્શાવવો જોઇએ. એમ કરતાં ચુકવું એમાં હું નિર્માલ્યતા માનુ છું.

સાચો જૈન સાધુ જૈનોને વંદનિય છે એટલુંજ નહિં પરંતુ જગતને પણ વંદનિય છે. જૈન સાધુના કર્તવ્યો એથીજ આદર્શરૂપ હોવાં જોઇએ. જ્યારે એક સાધુ પોતાની ગુરૂ તરીકેની ફરજ ચુકે એટલુંજ નહિ પરંતુ મનુષ્ય તરીકેની ફરજ ચુકે ત્યારે અન્ય ધર્મીઓ આગળ અને અન્ય કોમો આગળ જૈન સમાજની હાંસી થાય એ સ્વાભાવિક છે. હું ઇચ્છું છું કે આવા પ્રસંગો નહીં બને કે . જેથી આપણા સમાજની અને ધર્મની હાંસી થાય.

વિલાયતના મ્હારા પ્રવાસ દરમિયાન ઘણા યુરોપીયન વિદ્વાનો કે જેઓ જૈન ધર્મની અંદર અતુલ જાણકાર અને રસ લેનાર હતા તેઓને આપણી કોમ અને આપણા ધર્મને માટે હમેશાં બહુજ ઉંચા વિચારો ધરાવતા મ્હેં જોયા છે. જ્યારે આવા વિદ્વાનો અગર બીજા કોઇપણ વિદ્વાનો કે જે જૈનસમાજ પરત્વે માન અને પ્રેમની લાગણીથી જુવે છે તેઓની જાણમાં જ્યારે આવા અનિચ્છીત અને દુઃખદ પ્રસંગો આવે ત્યારે તેને એ માન અને પ્રેમ કેટલો વખત ટકી રહે એ વિચારવા જેવું છે. તેથીજ ફરીને આ બનેલા દુઃખદ પ્રસંગ માટે અમારો સખ્ત વિરોધ અને સાથે સાથે પ્રાર્થીએ છીએ કે મહુંમના આત્માને પ્રભો શાન્તિ અર્પે.

બાદ સભાનું કામકાજ પુરૂ થતાં પ્રમુખે સભા વિસર્જન કરી હતી.

[redacted]

( ૧૩૯ મા પાનાનું અનુસંધાન )

હોય જેવી બનાવી મુકે, અને આટલાથીજ જો એની પૂર્તિ થતી હોય તોએ સારૂં, કાં તો અભ્યાસ કરતો હોય કે કાં તો પાંચ પંદરની નોકરી કરતો હોય, કે કાં તો ઘરની હાટડીએ પડ્યા પડ્યા તરંગી વીચારો કરતો ગાદી તકીઆ ફાડતો એવો પતિ—એનો માલીક આવે ત્યારે અચાનક મુંહ જાણે કોર્ટના રૂપમાં ન ફેરવાઇ જતું હોય! જમવાને પાટલે બેઠેલો પતિ માબાપ અને ભાઇબાંડુને સાંભળી જેનું કોઇજ સાક્ષી નથી એવી પુત્ર-વધુના વિરૂધ્ધનો અભિપ્રાય બાંધે, અને પત્નિને કઇ શિક્ષા કરવી એના વિચાર વમળે ચડે, અને પત્નિ બચાવ કરીને પણ જાય ક્યાં? અને બચાવ પણ કોની પાસે ચાલે? નાદાન માવડિયો છોકરો, પત્નિએ કહેલી કોઇપણ વાત પેટમાં ટકાવી રાખી શકેજ નહીંને! પુત્ર જો મોટી ઉમરનો અને કમાતો હોય તોએ એની પત્નીને તો સાસુના ત્રાસમાંથી "સંયુક્ત કુટુંબ"માં બચવાનું તો નહીંજ. "પતિને ભરમાવનારી, પતિનું રળેલું પિયરમાં ભરનારી, અને પતિની કમાણી પડ્યે પડ્યે ખાનારી"ના મ્હેણાં મારતી, છતાં દીન અને દુ:ખી બની જવામાં પાવરધી બુઢ્ઢી ભલભલા પુત્રોને તેમની પત્નિઓ વિરૂધ્ધ કર્યા એવું ભરમાવે છે? સાસુના ત્રાસે તો કંઇક નહીં સહન કરી શકતી નાજુક બ્હેનોએ માવડીઆ ભરથારનો સંબંધ ત્યાગી પિયરનાં રસ્તા લીધા છે; અને આકળા સ્વભાવની—કોઇનું એ સહન ન કરી શકે તેવી અબળાઓએ ખુબ રીબાઇ—રીબાઇ—તવાઇ આખરે આત્મહત્યાનું પાપ પણ વ્હોરી લઇ, આ જીવતા નર્કમાંથી છૂટવાની હિંમત કરી છે. સાસુના ત્રાસ કરતાં મૃત્યુ એને ભયસુચક નથી લાગતું એજ સાસુના સીતમોનો ખ્યાલ આપે છે. ખરેજ સાસુપદે બિરાજતી સ્ત્રી આપઘાતપ્રેરક પ્રાણી બની બેસે છે.

પતિની બ્હેનના ત્રાસ તો સાસુ કરતાંએ ઓછાં નથી. સાસુ તો કોઇ દિવસ વહુના ઉપર રીઝે, અને નમતું મુકે. પણ નણંદનું ભાભી ઉપરનું વેરે જુનું હાડવેર તો ભાભીના તાણાવાણાંજ ખેંચી કાઢે. "સંયુક્ત કુટુંબમાં છે, અને હજી માબાપ બેઠાં છે, અને ભાભી આવી નીકળી તો કોણ જાણે માબાપના ગયા પછી ઘરની આબરૂનું શું એ કરશે? ભાઇ તો બિચારો ભોળો છે, અને એ તો પાખંડી છે, ભાઇનું જાણે એટલે બોલવું પડે નહિંતર એના ઉપર શું કે પણ કોણ?" આ અને આવું કેટલુંયે વિશેષ એક તુંડમીજાજી નણંદના, સાવ સુશીલ, ડાહી; અને સંસ્કારી ભાભીને ઉદેશીને બોલાયેલા શબ્દો.

"સંયુક્ત કુટુંબના મોટા તરીકે એ પુરૂષવર્ગે એટલે કેટલાયે પતિના પિતા, દાદા કે વડિલોએ તો નિરાધાર પુત્રવધુઓના ઉપર કાળો કેરજ વર્તાવ્યો છે. બીચારી અબળાઓ એ ગર્દભ બુધ્ધિવાન વડિલોની પગચંપી કરે, સેવા ઉઠાવે, અને પડ્યો બોલ ઝીલવા ખડેપગે તત્પર રહે, છતાંએ કોઇ વિકારવશ શ્વસુરે પુત્રીતુલ્ય પુત્રવધુના ઉપર અત્યાચાર ક્યાં નથી ગુજાર્યો? પિતા તરફ અદબ ફરજ સમજી કોઇ પુત્ર થોડું બોલે, અને નિર્માલ્યતા સમજી પુત્રવધુ સાથે ચેડાં કરવા જતાં, શિયળરક્ષણના કટોકટી પ્રસંગે પુત્રવધુના હાથના તમાચા ખાઇ કોઇ શ્વસુરે ફજેતીના ડરે ગમ ખાધી છે એવું પણ ક્યાં નથી બન્યું? અને વડિલો એ આશ્રિતો ઉપર અખંડ ચોકી કરવા પુત્ર અને પુત્રવધુના ખાનગી સહવાસની એના વિરૂધ્ધ થતી કે વિરૂધ્ધ થતી માની લેવાતી ગુપ્ત વાતો લાજ—શરમ છોડી બારણે ઉભા રહી કાન દઇ સાંભળવા પ્રયત્નો ક્યાં નથી કર્યા? અને કોઇ પુત્રના પરદેશગમને પુત્રવધુની નીરાધારીતાનો લાભ લઇ, પોતાની હૈયાત પત્ની છતાં અને કેટલીક જગ્યાએ તો એ પત્નીનીજ પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયે પુત્રવધુની સાથે વેરસંબંધ બાંધ્યા પછી જ્યારે કુદરતે પાપ પોકારવા માંડ્યું ત્યારે પુત્રને ગુસ્સે કરી પુત્રવધુને વિષ દેવામાં એ કોઇ હિંસક, નરપિશાચ શ્વસુરને કંપારીએ નથી છુટી. પુત્ર સ્વતંત્ર મુંહ નહીં નીભાવી શકતો હોઇ, સંયુક્ત કુટુંબના આશરાએ રહે ત્યારેજ પુત્રવધુઓ ઉપરના આવા છાના અત્યાચારો શક્ય થઇ પડે છેને? અને પુત્ર ખુબ રળતો હોય છતાં પણ સંયુક્ત કુટુંબમાં હોય તો વિકારવશ વડિલોથી પત્નીને બચાવવાનો એને કોઇ રાહ સુઝે તેમ છે? વિભક્ત કુટુંબના સુખભર્યા માર્ગે વિહરવા સિવાય?

"સંયુક્ત કુટુંબ"માં નારીજીવન ઉપર બીજાં પણ કેટલાંએ દુ:ખો છે. પ્રતિદિન પ્રગતિ કરતા નવ-યુગના પવનમાં ફરતા પતિદેવ, પત્ની પણ સંસ્કારી બને, જુનવાણી રૂઢિને ઉખેડી મુકે અને સ્વમાનશીલ બની જીવન જીવે એમ સહજ ઇચ્છે, ત્યારે રૂઢિચુસ્ત વડિલો અને સાસુની ભેખડમાં ફસાયેલી, અને થોડાક પ્રમાણમાં પ્રગતિ માત્રને આફત સમાન લેખતી એ પુત્રવધુની સ્થિતિ તો સુડી વચ્ચે સોપારી જેવીજ થાયને? પતિ અને પત્નીના આંતર-કલહ પણ એવા કુટુંબમાં રહેવાથીજ થાયને?

સંયુક્ત કુટુંબના રિવાજો પણ વિચિત્ર અને જંગલી. પુરૂષ તો સાવ કોરા કાટ, અને સ્ત્રીનેજ બધું લાગે વળગે. નજદિકનું કે દુરના કોઇનું અવસાન થાય તો પુત્રવધુથી ઉનાળાના ખરા બપોરે કે શિયાળાની રાત્રીની કડકડતી ઠંડીમાં ચંપલ પ્હેરાય નહીં! ચોમાસાની ભર વરસાદની ઝડીમાં છત્રી તો શું પણ માથે કપડું પણ રખાય નહીં! ઉંચા કુળના, અને સાસુ સસરા હૈયાત માટે અમુક કાળાં વસ્ત્રો તો પ્હેરવાંજ અગર નજ પ્હેરાય!

પુત્રવધુએ ભલે લગ્ન ટાણે છકી જઇને લાજ—ઘુમટો ન ખેંચ્યો હોય પણ સાસુના સામ્રાજ્યમાં આવ્યા પછી એના કુટુંબની કીર્તિ સાચવવીજ જોઇએ! પુત્રવધુએ દરેક નાના મોટાની લાજ કાઢવીજ જોઇએ! અને સૌ કોઇ મોટાની પગચંપી કરવા તત્પર રહેવું જોઇએ! આ એમનું કુળાભિમાન!

વળી એક આજના યુગને હાસ્યાસ્પદ લાગતી પણ ખુબજ પ્રચલીત માન્યતા એ છે કે દરેક પુત્રવધુને લગ્ન પછી તરત બાળક થવુંજ જોઇએ. જો એમ ન થાય તો સંયુક્ત કુટુંબના સત્તાધીશો એને એ બદલ ગુન્હેગાર ગણે! કોઇ અપશુકનિયાળ કહે, કોઇ અશુભપગી કહે, અને કોઇ તો ઓથીએ આગળ વધીને એલફેલ વદે. જો એને બાળક થાય પણ જીવતાં ન રહે તો એ કુટુંબના માણસોને એનું વર્તન વિચિત્ર લાગે, અને એને કોઇ અનેરી ઉપમા આપે. જો

( અનુસંધાન પાનું ૧૪૪ )

# નિપૂણવિજયજીનું ભેદભર્યું અવસાન.

## સાથીદાર મુનિવર્ગનો એકરાર—તપાસ કરી નથી.

ખેડાથી માતર જતાં જંગલમાં મુનિ નિપૂણવિજયજીનું શંકાસ્પદ સંજોગોમાં અવસાન થયું. અને જૈન કોમ અને ખાસ કરીને તેમના ગુરૂ અને શિષ્યમંડળને નિચું જોવરાવે તેવી ઘટના બની છે. તપાસ કરાવી નથી તે બેદરકારી માટે દીલગીરી બતાવવાને બદલે પં. શ્રી ભક્તિવિજયજી તથા તેમના બે શિષ્યો જે રીતે હકિકત રજુ કરે છે તે અજાયબ પમાડે તેવી છે, અને ગુંચવાએલ કોકડાને વધારે ગુંચવે છે.

લાંબા સમય સુધી મૌન સેવ્યા બાદ ભક્તિવિજયજીના સંઘાડા તરફનો ખુલાસો બહાર પડે છે તે પં. શ્રી ભક્તિવિજયજીનો છે તેમ તેમના શિષ્યો લખે છે. તે અધુરો છે તેમ પણ તેમના શિષ્યોજ લખે છે. (જે ખુલાસાના આધારે શ્રી. બાપાલાલ જુદુંજ સ્વરૂપ આપવા મિથ્યા પ્રયત્ન કરે છે.) અને તેટલા માટે અસંતોષકારક છે.

ખુલાસામાં વિશેષઃ—ગુરૂજી, મુનિ નિપૂણવિજયજીને અસ્થિર મગજના એટલે કે દિવાના કે ગાંડા જણાવે છે. શિષ્યો તેમને સ્વતંત્ર મગજના કહે છે. (શું સ્વતંત્ર મગજના એટલે ગાંડા–દિવાના?)

તપાસ ન કરવાના બચાવ તરિકે પાછળ રહેવાની 'ટેવ' રજુ કરે છે. જુદા પડવા મારેનો બારેજા નજદીકનો દાખલો આપતાં ખરા બપોરનો સમય અને રસ્તામાં રોકાયા. તાપને લીધે વૃધ્ધ અને અશક્ત હોવાથી ચાલી ન શક્યા હોય તે બનવાજોગ છે. પરંતુ આ બાબતમાં પાછળ રહેવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. સાડા પાંચ વાગે ખેડાથી રવાના થાય છે. દોઢ માઇલ પછી ખેડાના ગૃહસ્થ પાછા ફરે છે. ત્યારબાદ વિસામો લેવાની ફરજ પડે છે. ત્યારે માતરથી ત્રણ માઇલ દૂર હોય છે. ત્યારબાદ એકાદ માઇલ આગળ જતાં મજુર મળે છે. માતર બે માઇલ દૂર છે, સહેજે સાડાસાતનો એટલે રાત્રીનો સમય થયો છે. તે બે માઇલ વચ્ચે બીજું કોઇ ગામ આવતું નથી એટલે પાછળ રહેવાની ટેવ હોય તો પણ તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તે ઉપરાંત રાત્રીનો સમય હોવાથી તપાસ કરવાની વધારે ફરજ થઇ પડે છે.

જુદા પડવાની હકીકત તો સર્વથી વધારે અજાયબી પમાડે તેવી છે. કારણ કે મજુર કહે છે કે "મહારાજશ્રી આગળ ગયા." એટલે એક બીજાને જોઇ શકે તેટલા નજીક ચાલતા હતા. નિપૂણવિજયજીને મજુર ટુંકો રસ્તો બતાવતો નથી. ઉલટા બંન્ને સાધુઓના માર્ગ જુદા કરવા પાછળના સાધુને ટુંકો રસ્તો બતાવે છે. સડકને રસ્તે ગયા કે ટુંકે રસ્તે ગયા તેની ગોળગોળ વાતો કરે છે. આ ઘટના સંબંધી વિચાર કરતાં એમ દેખાય છે કે આ હકિકત પાછળથી ઉભી કરવામાં આવી છે અને જુદા રસ્તે ગયા છે તેમ બતાવવા મજુરને હથીઆર બનાવતા હોય તેમ દેખાય છે.

ગામમાં તપાસ કર્યા પછી તો ખાત્રી થઇ ગઇ કે રાત્રીના મોડા સમય સુધી બે માઇલ પહોંચ્યા નથી. વચ્ચે ગામ આવતું નથી માટે કાંઇ ભેદ ન હોય તો તપાસ કરવાની સર્વથી વધારે અગત્યતા ઉભી થાય છે. છતાં નિપૂણવિજયજી આવ્યા નથી તેની કલ્પના પોતાનાજ લખાણથી વિરોધી અને બેહુદી છે. કદાચ ટુંકા રસ્તાથી ખેડા ગયા હોય તેમ માની લઇએ. પરંતુ આગળ તેઓ પોતેજ લખે છે કે "માતર જવાના ટુંકા રસ્તામાં આવતો શેઢી નદીનો કાચો પુલ આગલા દિવસે કાઢી નાંખવામાં આવેલો હોવાથી અમો પાંચે પાકા પુલના રસ્તે ચાલ્યા" ત્યારે રાત્રીના સમયે તે નદી ઓળંગી કઇ રીતે ખેડા પાછા જવાની કલ્પના સાચી ઠરાવવા માગે છે તે કોઇના મગજમાં ઉતરે તેવી હકીકત નથી. આવા બચાવથી તો ઇરાદાપૂર્વક તપાસ નથી કરાવી અને વિહાર લંબાવ્યો છે તેથી માન્યતાને ટેકો મળે છે. વખતોવખત આગળ પાછળ વિહાર કરવાની મગજની સ્થિતિ, અને એકજ સ્થળે પણ સાથે ન રહેવાની ટેવપર જે રીતે ભાર મૂકવામાં આવે છે તે શું આંતરકલેશનું પરિણામ હતું? એમજ હોય તો સહેજે કલ્પના થાય છે કે શંકાસ્પદ સંજોગમાં નિપૂણ-વિજયજી કાળધર્મ પામ્યા છે તેમ મોટા ભાગે લોકો માને છે, અને શીરશાસનનું એવું વર્ણન તેને ટેકો આપે છે.

આ ઉપરથી સમજાશે કે તપાસ કરવાને બદલે પં. શ્રી ભક્તિવિજયજી તથા સાથેના સાધુઓએ વિહાર આગળ લંબાવ્યો છે, તેની ભૂલ સ્વીકારી દીલગીરી બતાવવાને બદલે ગુરૂ અને શિષ્યોને નામે જુદાં જુદાં સ્ટેટમેન્ટો આપીને કોકડું વધારે ગુંચવ્યું છે અને ઇરાદાપૂર્વક બેદરકારી બતાવી છે. તો આ મરણ કયા સંજોગોમાં બન્યું છે તે ઘટનાનો વધારે વિચાર કરતાં એમ લાગે છે કે આ ઘટના વધુ જાહેર તપાસની અપેક્ષા રાખે છે. જેથી આવો ભયંકર બનાવ કદી પણ બનવા ન પામે.

**વલ્લભદાસ ફુલચંદ મહેતા.**

( ૧ લા પાનાનું અનુસંધાન )

બધું આગળ વધેલું છે કે કોઇને જરા પણ દુઃખ થતું હોય તો તે નિવારવા બનતી મદદ કરે.

"જૈન ધર્મ એ મનુષ્ય હ્રદયનું ઉંડામાં ઉંડું પ્રતિબીંબ છે. કારણ કે જૈનો આત્મામાં અનંત શક્તિ માને છે, માટે દરેક જૈને પોતાને અનંત શક્તિવાળો સમજી કોઇની દયા ઉપર કે કોઇના અહેસાન ઉપર નહિં નભતાં પોતાના ઉપરજ ટટ્ટાર બનવું જોઇએ. અને ત્યારેજ તે સાચો જૈન કહેવાય."

"આજે તમે જૈનો કીચડના કીડા સમાન છો. તમો કીચડમાં જન્મ્યા છો અને કીચડમાંજ મરવાના છો. તમારી સૈકાજુની નિર્બળતા તમારાથી દૂર થાય તેમ મ્હને લાગતું નથી. પરંતુ હમે તમારી ભાવી પ્રજા માટે, તમારા બચ્ચાઓ માટે એ જાતનોવારસો મુકી જાઓ કે તેઓ ભવિષ્યમાં આવા સંગ્રામભિહો અને ખેંચાણો સામે પોતે પોતાના આત્મબળથી સામનો કરી શકે અને સાચા મનુષ્ય તરિકે જીવી શકે!

## ગુરુઓનાં કૃત્યોપર ઢાંકપીછોડો. સવિહારી સાધુઓની ગંભીર ભુલનું દુઃખદાયક પરિણામ.




શ્રી નિપુણવિજયના કરુણ મૃત્યુ અંગે માંગરોળ જૈન સભાના હોલમાં જૈનોની મળેલ જાહેરસભા અંગે સોસાયટી આગેવાન ભાપાલાલે "સત્ય હકિકત રજુ થઇ નથી" એ મથાળા નીચે મુંબઇ સમાચારમાં કરેલ ખુલાસો સમાજને ખોટે રસ્તે દોરનારો હોવાથી ખુલાસો કરવાની જરૂર જણાય છે.

મીટીંગની શરૂઆતમાં વલ્લભદાસ મ્હેતાના ભાષણમાં ડખલગીરી કરવાના ઇરાદાથી ભાપાલાલે કહ્યું કે "જૈન"માં ભક્તિવીજયનો ખુલાસો પ્રગટ થઇ ચૂકયો છે તે તમારી પાસે રજુ કરવા તૈયાર છું" એમ કહી ગજવામાંથી "જૈન" કહાડ્યું, પરંતુ આ ખુલાસો પોલો, નામ-ઠામ વગરનો હોવાથી મંત્રીએ ખુલાસો કર્યો કે, આ ખુલાસો ભક્તિવિજય કે તેમના સમુદાય તરફનો નથી પરંતુ લોકોને ભ્રમણામાં નાખવા નામ-ઠામ વગરનો સમુદાયમાંથી કોઇનો ખુલાસો છે. એના ઉપર આધાર રખાય નહિં. આની સામે ભાપાલાલ પાસે દલીલ ન હોવાથી તેમ ચારે કોર નજર ફેંકતા પાસા અવળા પડશે તેમ લાગવાથી સભા છોડી ચાલવા માંડ્યું પરંતુ જેઓ તેમના માનસથી તદ્દન અજાણ હતા એવા ભાઇ ડાહ્યાલાલ વેલચંદ મ્હેતાએ વહેવાર પુરતું બેસવાનું કહેતાંજ પાછા ફર્યા, અને કોઇપણ જાતની ગરબડ કે ધાંધલ વિના લગભગ દોઢ કલાક સુધી ચાલેલી મીટીંગમાં ભાપાલાલ ચુપચાપ બેસી રહ્યા.

ઠરાવના સંબંધમાં એ ભાઇ લખે છે કે "ઠરાવ ઉપર સભાનો મત લીધો નથી" જેની ચક્ષુએ પીળા ચશ્મા ચડ્યા છે તે જગતને પીળુંજ દેખે છે નહીં તો એક ઠરાવ મુકાય તેને ટેકો અપાય એની પુરતીમાં લગભગ પાંત્રીસ મીનીટ વિવેચન થાય. બાદ પ્રમુખ ઉપસંહારમાં અડધો કલાક વિવેચન કરે, મીટીંગમાં કોઇ જાતની ગરબડ કે ધાંધલ હોય નહિં, ભાપાલાલના મતનો તેમના સિવાય બીજો હોય નહિં, અને ઠરાવ વિના સભા વિખેરાઇ જાય, એવું કહેનારમાં કાં તો અણસમજ હોય કે પોતાના કહેવાતા ગુરુઓના કૃત્યોપર ઢાંકપીછોડો કરવાની ગુલામી મનોદશા હોય. નહિં તો દિવસને રાત કહેવા જેવી બાલીશતા કેમ સેવાય.

શ્રી નિપુણવિજય તપસ્વિ હતા, વૃધ્ધ હતા. વિરશાસન કહે છે તેમ બિમાર હતા. વિહારને દિવસે છઠ ઉપર આયંબિલ હતું. છતાં તેમની સાથેના સાધુઓએ ભર જંગલમાં તેમને એકલા છોડી જવામાં, માણુસને સાથે લઇ જવામાં, ન ચલાવી શકાય તેવી ભૂલ કરી છે. અને ભક્તિવિજય તપાસ ન કરાવતાં બાકીના સાધુઓ સાથે વિહાર કરી જાય છે, તે પણ ઓછી ભૂલ નથી. એ ભૂલના લીધેજ નિપુણવિજયનું કરુણ મૃત્યુ અને મૃત દેહની કમકમાવનાર સ્થિતિ થઇ. એ કોઇથી ના કહી શકાય તેમ નથી. છતાં એ ભૂલ સુધરાવવાને બદલે તેમનો બચાવ કરનાર વેવલાઓ પડ્યા છે એટલેજ આવી ભૂલ કરનારાઓ નિરંકુશ મહાલી શકે છે.

મંત્રીઓ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

---

( ૧૪૨ મા પાનાનું અનુસંધાન )

થાય, અને જીવે, પણ જો બાળકીઓજ હોય તો તો એનો દીજ ઉડી ગયો.

મને કહેશો કે સમજપૂર્વક પુરુષ સ્વતંત્ર જીવન-વિભક્ત કૌટુમ્બિક જીવન જીવે તો નારીજીવનને આમાનું કશુંયે સહન કરવું પડે? એક ફક્ત એકજ એક સહેજ વિચાર કરવા દે એવી સંયુક્ત કુટુંબની તરફેણમાં દલીલ છે. "માંદગીના પ્રસંગે સંયુક્ત કુટુંબજ મદદ કરે, બહારનું કોઇ થોડુંજ સેવા કરે? મનુષ્ય માત્રને ભય બરાબર કંપાવી મુકે. એ વાત ચોકકસજ છે કે મનુષ્ય મૃત્યુ પામવાનો છે એટલે માંદો એ પડવાનો છેજ, અને વધતી ઓછી, લાંબી ટુંકી બિમારી આવેજ. એ વખતે સારવાર કરનાર કોઇક જોઇએજને? આખા જીવન સુધી સુખ ન મળે પણ એ વખતે સારવાર કરનાર તો મળે! કદાચ પુરુષના માટે કુટુંબીઓ સારવાર કરતા કોઇ વખત બેઠાં થતાં હશે, પણ પત્નિ સિવાય સારવાર કોઇકજ સારી કરતું હશે, પણ જો પત્નિ બિમાર હોય તો સંયુક્ત કુટુંબમાં તો એ રીબાઇનેજ મરી જાય. મિથ્યા કુળાભિમાનના ફુલણાને એ પત્નીની સેવા કરતાં તે હાંજે શરમ આવે. અને પત્નીની પાસે એ જઇ પણ ન શકે. અને જાય તો એવા ડરપોકને સમાજનો ભાડુ નડે. વિભક્ત કુટુંબ હોય તો કોઇનીએ પરવા એને રહે ખરી? પતિ અને પત્ની બન્ને પ્રેમાળ હોય તો થોડાંક અંગત સંબંધીઓની મદદ લઇ અન્યોન્યની સેવા કુટુંબીઓની ફોજ કરતાં વધુ સારી રીતે કરી શકે.

સંયુક્ત કુટુંબમાં પુત્રવધુ તરીકે માવડીયા ભરથાર સાથે રહેતી કોઇ બાળા જાગે તો કરી શકેજ શાની? જેમ સાસુ સ્ત્રીજાતિ હોવા છતાં જુનવાણી રૂઢિએ ચડાઇ જઇ અનેક દુઃખો દેતી થાય તેમ પુત્રવધુ પણ ધીમે ધીમે નફ્ફટ બની જાય, પણ ખુલ્લો બળવો કરવાની તો એની નસમાં વિચારણાઓ કયાંથી હોય, એવું બેઠી પણ ગુલામડીજ બની જતું હોયને? પણ આ યુગમાં એવું ન બને એમ પણ નથી. સ્ત્રીઓને સ્વમાન-કે અભિમાન સમજાયું નથી; પણ સાંભળી થતાં કોઇ પુત્રવધુથી જો કંઇપણ સહજ બળવાવૃત્તિ દાખલ થાય તો એના રૂંધનના માર્ગો સંયુક્ત કુટુંબના એકહથ્થુ રાજ્યમાં તૈયારજ હોય છે. કોઇ સ્ત્રી એકાદ લેખ લખે કે સ્ત્રીમંડળમાં જોડાય તો જરુર કહેશે કે હવે વહુ પ્રમુખ બનશે ને એ તાલીઓ પાડશે કેમ? કોઇ બ્હેન એ દુઃખો સહન નહિ થવાથી પતિને નમ્ર ભાવે કુટુંબથી છુટા થવા સમજાવે, તો સંયુક્ત કુટુંબના ગોધા વઢી પડે અને "પતિને બુધ્ધિ નથી, સ્ત્રીની આંખેજ જુએ છે, ઘર ભંગેજ ચડશેંના ઝેરભર્યા" વાગબાણોથી નારી સ્વાતંત્ર્યની બાંગ ફુંકનાર પતિને પણ ડારવી સ્ત્રીનો બધોએ ઉત્સાહ થોડી પળોમાં ઓસરી જો, માબાપની સેવાની દલીલો કરનારાઓ પુત્રવધુની કકળતી આંતરડીનો વિચાર કરે તો?

સ્ત્રીજીવનના શ્રેય અર્થે સંયુક્ત કુટુંબનો ત્યાગ એજ ઉત્તમ માર્ગ છે. સંયુક્ત કુટુંબના સાસરવાસમાં નારીજીવનનાં કારમાં સુકાયાં છે-ભાવનાઓના ચુરા થઇ ગયા છે; લોહી ઉડી જતાં શારીરિક નિચોવણી અનેક દર્દોના ભોગ થઇ પડાયું છે; એટલેજ સંયુક્ત કુટુંબના સાસરવાસને હું કારમું દોઝખ કહું છું.

( દોઝખ ત્રીજું: "સ્ત્રીનાં શારીરિક દર્દો" આવતા અંકે )

---

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે નવું જનાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨, તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.